ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ

# શ્રી સારસ્વત

Published on 28th Every Two Month

મુખપત્ર







વાર્ષિક લવાજમ : રૂા. ૩૦૦/-     છૂટક નકલ : રૂા. ૩૦/-

વર્ષ : ૨૦     અંક : ૫/૬     સળંગ અંક : ૨૧૧/૨૧૨     ઓગસ્ટ / સપ્ટેમ્બર - ૨૦૨૫


: અધ્યક્ષ :

**શ્રી જયપ્રકાશ પી. પટેલ**

શ્રી ઉન્નતિ માધ્યમિક શાળા
મુ. હિરાપુરા, તા. સંતરામપુર, જિ. મહિસાગર

: પ્રમુખ :

**શ્રી ભાનુપ્રસાદ એ. પટેલ**

શ્રી સી.જી. મહેતા વિદ્યામંદિર,
ઉમેદગઢ, તા. ઈડર, જિ. સા.કાં.

: મુખ્ય સંપાદક :

**શ્રી અમિત આર. પંડ્યા**

શ્રી માતૃછાયા હાયર સેકન્ડરી સ્કૂલ,
સુખરામ નગર, ગોમતીપુર, અમદાવાદ






रक्तदान
WORLD BOOK OF RECORDS
OFFICIAL WORLD RECORD
"मेरी रगों में गरम SIND OR बह रहा है"






श्री नरेन्द्र मोदी
नमो के नाम
रक्तदान
OPERATION
SIND OR
WORLD BOOK OF RECORDS
"मेरी रगों में गरम SIND OR बह रहा है"

# શ્રી સારસ્વત

''न हि ज्ञानेन सदृशं पवित्रमिह विद्यते ''

**કાર્યાલય : 'સારસ્વત ભવન', અભિષેક બિલ્ડીંગ, બીજો માળ,**

**હોટલ હવેલીની સામે, સેક્ટર-૧૧, 'ચ' રોડ, ગાંધીનગર**

**www.shreesaraswat.com**

**વર્ષ : ૨૦ અંક-૫/૬ સળંગ અંક : ૨૧૧/૨૧૨ ઑગસ્ટ/સપ્ટેમ્બર : ૨૦૨૫ વાર્ષિક લવાજમ - રૂા. ૩૦૦**





-: અધ્યક્ષ :-

**શ્રી જયપ્રકાશ પી. પટેલ**

મુ. પો. જાનવડ, તા. સંતરામપુર,
જિ. મહીસાગર-૩૮૯૨૬૦
શ્રી ઉન્નતિ માધ્યમિક શાળા
મુ. હિરાપુરા, તા. સંતરામપુર
જિ. મહીસાગર
(મો.) ૯૪૨૬૫૦૯૨૨૬
E-mail : jppatelbjp@gmail.com

-: પ્રમુખ :-

**શ્રી ભાનુપ્રસાદ એ. પટેલ**

શ્રી સી.જી. મહેતા વિદ્યામંદિર,
ઉમેદગઢ, તા. ઈડર, જિ. સા.કાં.
૧૮, પ્રેમપુર બંગ્લોઝ, ઉમિયા સીટી
હોમ્સની બાજુમાં, ગાયત્રી
મંદિર રોડ, મહાવીરનગર,
હિંમતનગર, જિ. સાબરકાંઠા
(મો.) ૭૮૭૪૮૦૪૪૦૪

-: મુખ્ય સંપાદક :-

**શ્રી અમિત પંડ્યા**

શ્રી માતૃછાયા હાયર
સેકન્ડરી સ્કૂલ
સુખરામનગર,
ગોમતીપુર,
અમદાવાદ-૩૮૦૦૨૧.
(મો.) ૯૯૭૪૫૨૫૨૩૨

-: ઉપાધ્યક્ષ :-

**શ્રી હરદેવસિંહ પી. જાડેજા**

ચંદ્રસિંહજી હાઈસ્કૂલ,
મુ. ધ્રોલ, તા. ધ્રોલ,
જિ. જામનગર
(મો.) ૯૪૨૬૯૭૫૮૩૩

-: કલ્યાણનિધિ કન્વીનર :-

**શ્રી સુરેશભાઈ પી. સરસાવડિયા**

શ્રી સાવડી હાઈસ્કૂલ,
સાવડી, તા. ટંકારા,
જિ. મોરબી.
(મો.) ૯૯૯૮૧૬૭૮૩૬

-: અન્વેષક :-

**શ્રી પંકજકુમાર સી. પરમાર**

એન.એમ. વાડિયા (તાતા વાડિયા)
હાઈસ્કૂલ, નાગરોલ. તા. ઉમરગામ,
જિ. વલસાડ-396135.
(મો.) 9825697398

**મહામંત્રી**

| -: ઉત્તર ઝોન :- | -: મધ્ય ઝોન :- | -: દક્ષિણ ઝોન :- | -: સૌરાષ્ટ્ર ઝોન :- |
|---|---|---|---|
| **શ્રી ભરતભાઈ એમ. ચૌધરી** | **શ્રી કેતનભાઈ ચંદુભાઈ પટેલ** | **શ્રી મિતેષકુમાર એસ. પટેલ** | **શ્રી સુનીલકુમાર સી. બરોચિયા** |
| શ્રીમતી તા.ર.કૂ.શાહ સાર્વ. હાઈસ્કૂલ માણકપુર, તા. માણસા, જિ. ગાંધીનગર | આર. કે. વિદ્યાલય, પેટલાદ. જિ. આણંદ | શ્રી ડી. કે. પટેલ સાર્વ. હાઈસ્કૂલ, થુવાવી, તા. ડભોઈ, જિ. વડોદરા. | આર.એલ. અમૃતિયા હાઈ., ગોંડલ ત્રાકુડા, સ્મિત ગણેશ-નગર, ગુંદાળા રોડ, ગોંડલ. |
| (મો.) ૯૯૨૪૩૩૫૨૧૦ | (મો.) ૭૬૯૮૪૩૫૨૩૫ | (મો.) ૯૪૨૮૧૧૬૬૮૯ | (મો.) ૯૮૭૯૫૩૩૦૬૯ |

-: પ્રમુખના મંત્રી :-

**શ્રી પંકજકુમાર આર. પટેલ**

સ્વામી વિવેકાનંદ હાઈસ્કૂલ, મુ. પો. તા. લુણાવાડા,
જિ. મહીસાગર. (મો.) 9428446720

-: સારસ્વત સહ સંપાદક :-

**શ્રી દિપકકુમાર પી. પટેલ**

લાયોનેસ કર્ણાવતી એમ.એચ. હિન્દી હા.સે. સ્કૂલ, નવા વાડજ,
અમદાવાદ-380013. (મો.) 9427311939

# શ્રી સારસ્વત

''न हि ज्ञानेन सदृशं पवित्रमिह विद्यते ''

કાર્યાલય : 'સારસ્વત ભવન', અભિષેક બિલ્ડીંગ, બીજો માળ,
હોટલ હવેલીની સામે, સેક્ટર-૧૧, 'ચ' રોડ, ગાંધીનગર
www.shreesaraswat.com

વર્ષ : ૨૦ અંક-૫/૬ સળંગ અંક : ૨૧૧/૨૧૨ ઑગસ્ટ/સપ્ટેમ્બર : ૨૦૨૫ વાર્ષિક લવાજમ - રૂા. ૩૦૦

## અનુક્રમણિકા



1. અધ્યક્ષશ્રી/પ્રમુખશ્રીનો પત્ર ....05
2. મહામંત્રીશ્રીનો પત્ર ....07
3. સંપાદકીય લેખ ....09
4. ગુરુકુળ શિક્ષણ વ્યવસ્થાનું પુનરુત્થાન - સંપૂર્ણ જીવન, વડોદરા ....13
5. पढ़ाई का विज्ञान-९ ....- પ્રાંજલભાઈ જોષી ....16
6. શાળાનો પ્રાણ - પ્રાર્થનાસભા ....- દિનેશ માંકડ ....18
7. સ્ટાફરૂમની ચર્ચાઓ : શિક્ષકના વિચારમાંથી વિદ્યાર્થીના ભવિષ્ય સુધીની યાત્રા - જી. એસ. દેધરોટીયા ....21
8. માતૃ-સંમેલન ....- પ્રિ. નર્મદભાઈ ત્રિવેદી ....24
9. "નહિ જ્ઞાનેન સદશં પવિત્રમિહ વિદ્યતે ।" - વિજય દાણી ....27
10. કૃતાર્થ કલ્યાણનિધિમાં જોડાવા કાવ્યાત્મક કાકલૂદી - વિજયકુમાર રોહિતકુમાર બારોટ ....31
11. વિદ્યાર્થીઓમાં ઝઘડા કે મારામારી થવાનાં મનોવૈજ્ઞાનિક કારણો - રાજેન્દ્રસિંહ વંકેરાજસિંહ ઝાલા ....32


**નોંધ :** શ્રી સારસ્વતમાં પ્રસિદ્ધ થતા જે-તે લેખ / માહિતીમાં લેખકોના પોતાના મંતવ્યો છે. તેની સાથે મહામંડળ તથા સંપાદક કે સહસંપાદક સંમત છે, તેમ માનવું નહિ.



**શ્રી જયપ્રકાશ પી. પટેલ**
અધ્યક્ષ

# અધ્યક્ષશ્રી/પ્રમુખશ્રીનો પત્ર



**શ્રી ભાનુપ્રસાદ એ. પટેલ**
પ્રમુખ

સુજ્ઞ સારસ્વત મિત્રો,

નમસ્કાર.......

આપ સૌ કુશળ હશો.

શિક્ષણ, સેવા,સશક્તિકરણ, સ્વતંત્રતા અને સ્વાધિનતાનો મહિનો એટલે ઑગસ્ટ-સપ્ટેમ્બર માસ..

ક્રાંતિકારી મહિનો અને સપ્ટેમ્બર માસ આ એ સમય છે જ્યારે શાળાઓમાં શૈક્ષણિક પ્રવૃત્તિઓ વેગ પકડે છે અને વિદ્યાર્થીઓ નવા ઉત્સાહ સાથે જ્ઞાનની યાત્રા શરૂ કરે છે. આ મહિનાની સૌથી મહત્ત્વપૂર્ણ ઉજવણીઓમાંની એક છે શિક્ષક દિન, જે આપણા ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મદિવસ નિમિત્તે ઉજવાય છે. આ દિવસે આપણે એવા ગુરુઓને સન્માન આપીએ છીએ જેઓ સમાજને સુસંસ્કૃત બનાવવા માટે નિઃસ્વાર્થ ભાવે કાર્ય કરે છે. શાળાઓમાં થતી આ ઉજવણીઓ બાળકોને શિક્ષકો પ્રત્યે આદર અને કૃતજ્ઞતા વ્યક્ત કરવાનું શીખવે છે.

સારસ્વત મિત્રો, તાજેતરમાં જ મદદગાર સંસ્થા-અમદાવાદ અને ગુજરાત રાજ્યના તમામ સંગઠનો દ્વારા ગુજરાતના પનોતા પુત્ર , યશસ્વી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના જન્મદિવસ નિમિત્તે અને ઑપરેશન સિંદુરની ભવ્ય સફળતાની ઉજવણીના ભાગરૂપે સમગ્ર રાજ્યમાં “નમો કે નામ રક્તદાન” કાર્યક્રમ યોજાયો જેમાં ગુજરાત રાજ્યના મુખ્ય કન્વીનર તરીકે રાજ્ય આચાર્ય સંઘના પ્રમુખની નિમણૂંક કરવામાં આવી જે આપણા સૌ માટે ગર્વની બાબત છે. આપણે આચાર્યની ગરિમાને ટોચ ઉપર પહોંચાડી. મિત્રો, સૌના સહિયારા પ્રયત્નોથી આપણા સંગઠનની આન, બાન અને શાન વધારેલ છે. સમગ્ર રાજ્યમાં આપ સૌ સારસ્વતોના અથાક પ્રયત્નોના કારણે આ કાર્યક્રમ એક જન આંદોલન હોય તેમ તેનો પ્રચાર અને પ્રસાર થયો. ગામે ગામ શાળાઓ દ્વારા રક્તદાન જાગૃતિ અંગે રેલીઓ યોજાઈ. રાજ્યમાં કુલ ૩૭૯ સ્થળોએ રક્તદાન કેન્દ્રો બનાવવામાં આવ્યા. આ કેન્દ્રોના ઇન્ચાર્જ કન્વીનરો અને વિવિધ સંગઠનોના આગેવાનોની સમગ્ર દિવસ દરમ્યાનની મહેનતના પરિણામે આપણે એક જ દિવસમાં માત્ર આઠ કલાકમાં વિશ્વ વિક્રમ સર્જી કુલ ૫૬૨૫૬ (Blood Units) રકતદાતાઓ પાસેથી રક્ત એકઠું કર્યું. માનવસેવાના આ

કાર્યમાં જોડાયેલ તમામ અધિકારીશ્રીઓ, જિલ્લાના પ્રભારીશ્રીઓ, ઘટક સંઘના પ્રમુખશ્રી, મંત્રીશ્રી, ૩૭૯ રક્તદાન કેન્દ્રોના કન્વીનરો તેમજ સૌ સારસ્વતોનો રાજ્ય આચાર્ય સંઘ વતી આભાર વ્યકત કરીએ છીએ. આપનો આ સહયોગ આજીવન ભૂલી શકાશે નહિ.

મિત્રો, તાજતરમાં જ આપણી શૈક્ષણિક સંકલન સમિતિના સૌ હોદ્દેદારો રૂબરૂ નિયામકશ્રી શાળાઓની કચેરી, સમગ્ર શિક્ષા તથા શિક્ષણ વિભાગની મુલાકાત લીધી નિયામકશ્રી શાળાઓની કચેરીમાં જૂની પેન્શન યોજના સંદર્ભે ચર્ચા કરી અને ખૂબ જ ટૂંકા ગાળામાં પ્રાથમિકની જેમ આપણી પણ ફાઈલો ક્લીયર થશે. આચાર્ય અને જૂના શિક્ષક કે જેમણે શાળા બદલી છે તેમના કિસ્સામાં સેવા જોડાણની બાબતમાં શિક્ષણ વિભાગ નાણા વિભાગ સાથે સતત પરામર્શ કરી રહ્યો છે. અને આ કાર્ય કેવી રીતે સરળતાથી કરી શકાય તેનું સુખદ સમાધાન વહેલામાં વહેલી તકે મળશે તેવા પ્રયત્નો સંકલન સમિતિ કરી રહી છે. વધુમાં જણાવવાનું કે આઉટસોર્સિંગથી પટાવાળાની ભરતીની સત્તા ડી.ઈ.ઓ.ને આપવાની મંજૂરી મળી ગઈ છે. ટૂંક સમયમાં શિક્ષણ વિભાગનો પત્ર થઈ જશે. ક્લાર્ક ભરતી માટે તથા ગ્રંથપાલ ભરતી માટે પણ રાજ્ય આચાર્ય સંઘ સક્રિય છે. મિત્રો, જ્ઞાન સહાયકની મેરીટ યાદી ટૂંક સમયમાં જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓને મોકલી જિલ્લા કક્ષાએ શાળા પસંદગી આપવાનું જણાવવામાં આવશે. જ્ઞાન સહાયકની લાયકાત બાબતે સિંગલ ફાઇલ ચાલે છે તેમાં પણ સુધારો થઈ જશે. શિક્ષણ સહાયકની કાયમી ભરતીમાં પણ વેઇટિંગ લિસ્ટ નજીકના સમયમાં ઓપરેટ કરવામાં આવશે. ટૂંકમાં આપણા સંવર્ગને લગતા તમામ પ્રશ્નો માટે રાજ્ય આચાર્ય સંઘ અને સમગ્ર સંકલન સમિતિ પ્રયત્નશીલ છે.

સારસ્વત મિત્રો આપણું રાજ્ય કક્ષાનું શૈક્ષણિક અને વહીવટી અધિવેશન જાન્યુઆરી-૨૦૨૬માં કરવાનું આયોજન કરી રહ્યા છીએ જે આપ સૌની જાણ માટે.

**"उद्यमेनैव सिध्यन्ति कार्याणि न मनोरथैः।**
**न हि सुप्तस्य सिंहस्य प्रविशन्ति मुखे मृगाः॥**

અર્થાત્, ઉદ્યમથી જ કાર્યો સિદ્ધ થાય છે, માત્ર મનોરથ કરવાથી નહીં. સૂતેલા સિંહના મુખમાં મૃગ (હરણ) જાતે પ્રવેશ કરતા નથી.

**''સંઘે શક્તિ કલૌ યુગ''**

**ભારત માતા કી જય...** **જય જય ગરવી ગુજરાત...**

આપના,

**જયપ્રકાશ પી. પટેલ**
અધ્યક્ષ

**શ્રી ભાનુપ્રસાદ એ. પટેલ**
પ્રમુખ

ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ

## મહામંત્રીશ્રીનો પત્ર



**ભરત ચૌધરી**
મહામંત્રીશ્રી

આત્મીય સારસ્વત મિત્રો,

કુશળ હશો. કુશળતા ચાહતા કુશળ છીએ. મિત્રો, હમણાં જ જગતજનની જગદંબાની આરાધના, આસ્થા અને શ્રદ્ધાનું ઘોડાપુર એટલે ભાદરવી પૂનમનો મહામેળો શક્તિપીઠ અંબાજી ખાતે સંપન્ન થયો. સૌ શ્રદ્ધાળુઓએ પદયાત્રા કરી દુનિયાના સૌથી લાંબા તહેવાર અને માતાજીની આરાધનાનું પાવન પર્વ નવલી નવરાત્રીમાં માતાજીને પધારવા નિમંત્રણ પાઠવી ધન્યતાની લાગણી અનુભવી.

**સૌને જય અંબે...**

મિત્રો, વધુમાં જણાવવાનું કે આ લખું છું ત્યાં સુધીમાં લગભગ 23 જિલ્લાના તા. 01/04/2005 પહેલા નિમાયેલા કર્મચારીઓને જૂની પેન્શન યોજનાનો લાભ આપવા માટેની ફાઈલો ક્લિયર થઈ ગઈ છે, આચાર્ય અને જુના શિક્ષકમાં શાળા બદલનાર કર્મચારીઓની સેવા જોડાણ બાબતે શિક્ષણ વિભાગ નાણા વિભાગ સાથે સતત પરામર્શ કરી રહ્યો છે. ટૂંક સમયમાં તેનું પણ સુખદ નિરાકરણ આવશે જ. મિત્રો, તા. 01/04 2005 પહેલા જાહેરાત આવેલા અને ત્યારબાદ નિમણૂક પામેલા 786 જેટલા કર્મચારીઓ અને પ્રોફાઈલવાળા કે વિનિયમિત થયેલા 25 જેટલા કર્મચારીઓ માટે પણ ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ સતત પ્રયત્નશીલ છે. મિત્રો, આઉટસોર્સિંગથી પટાવાળાની ભરતી માટે જિલ્લા શિક્ષણ અધિકારીશ્રીને સત્તા આપવાની મંજૂરી નાણા વિભાગમાંથી મળી ગઈ છે અને આ અંક આપના હાથમાં પહોંચે ત્યાં સુધીમાં તે ભરતી પણ ડીઈઓ દ્વારા કરવામાં આવશે. ક્લાર્ક ભરતી માટે આર.આર. તૈયાર થઈ ગયેલ છે. માનનીય શિક્ષણમંત્રીશ્રીની સહીથી મહામહિમ રાજ્યપાલશ્રીને મોકલી એક્ટમાં સુધારો કરવામાં આવશે અને ત્યારબાદ રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા તેની પરીક્ષા યોજી કાયમી ક્લાર્કની ભરતી ડિસેમ્બર જાન્યુઆરી 2026 દરમિયાન કરવામાં આવશે. શિક્ષણ સહાયકની ભરતી માટે વેઇટિંગ લિસ્ટ ઓપરેટ કરી જાહેરાત મુજબની મહત્તમ ખાલી જગ્યાઓ પણ ભરવામાં આવશે. જ્ઞાન સહાયકની ભરતી માટે મેરીટ લીસ્ટ જિલ્લા શિક્ષણ અધિકારીશ્રીને આપી શાળા પસંદગી પૂર્ણ કરવામાં આવશે અને ત્યારબાદ પણ જે જગ્યાઓ ખાલી

રહેશે તે જગ્યાઓ ભરવા માટે જ્ઞાન સહાયકની લઘુત્તમ લાયકાતમાં તાલીમી સ્નાતક અનુસ્નાતક એવો સુધારો કરી તમામ જગ્યાઓ ભરવામાં આવશે. ઉપરોક્ત તમામ બાબતો અંગે સતત જાગૃત રહી યોગ્ય કક્ષાએ રજૂઆત અને આકરી ઉઘરાણી કરવામાં આવે જ છે, જે આપ સૌની જાણ સારું.

મિત્રો 16 સપ્ટેમ્બર, 2025ના રોજ ગુજરાતના તમામ કર્મચારીઓએ સાથે મળી મદદગાર પરિવારની સાથે "નમો કે નામ રક્તદાન" કાર્યક્રમ અંતર્ગત રાજ્યના 378 કરતાં વધુ રક્તદાન કેન્દ્ર પર દેશના યશસ્વી વડાપ્રધાન અને ગુજરાતના પનોતા પુત્ર શ્રી નરેન્દ્ર ભાઈ મોદીના જન્મદિવસની પૂર્વ સંધ્યાએ ઓપરેશન સિંદૂરની ભવ્ય સફળતા બદલ આપણી સેનાના જાંબાઝ જવાનોના શૌર્યને વધાવવા સૌથી વધુ રજીસ્ટ્રેશન અને એક જ દિવસમાં સૌથી વધુ રક્તદાનનો ઐતિહાસિક વિશ્વ વિક્રમ પ્રસ્થાપિત કરી સંગઠનોએ પોતાની શક્તિનો પરિચય કરાવ્યો છે. આ યશના સાચા ભાગીદાર અને અભિનંદનના અધિકારી આપ સૌ સારસ્વત મિત્રો છો, જેમના અથાક પુરુષાર્થનું આ પરિણામ છે. આપણા સંગઠન પર ભરોસો મૂકી રાજ્યના તમામ કર્મચારી સંગઠનોએ આ ઐતિહાસિક ઇવેન્ટના કન્વીનર તરીકે જવાબદારી આપણા પ્રમુખના સિરે મૂકી જેને આપ સૌએ ચરિતાર્થ કરી તે બદલ આપ સૌનો જેટલો આભાર માનું તેટલો ઓછો છે. મિત્રો, રાજ્યના કર્મચારી તરીકે આપણે સૌએ માનવસેવા અને સામાજિક દાયિત્વનું એક ઉત્તમ ઉદાહરણ સમાજને અને સરકારને પૂરું પાડ્યું છે. મિત્રો, ચાણક્યના વંશજ તરીકે આપણે એ પ્રસ્થાપિત કરી દીધું કે "હમ થક સકતે હૈ, હમ રુક સકતે હૈ, પર હમ હાર નહિ સકતે, ક્યોકી ભારત કા ભવિષ્ય હમારે હાથો મેં પલ રહા હૈ" આવનાર દિવસોમાં આપણે સૌ સાથે મળી અખંડ ભારતના ઉજ્જવળ ભવિષ્યનું નિર્માણ કરી 2047ના વિકસિત ભારતના સ્વપ્નને ચોક્કસ સાકાર કરીશું તેવી શ્રદ્ધા અને વિશ્વાસ સાથે પુનઃ સૌનો આભાર... આભાર.... આભાર....

**વંદે માતરમ્**

**જય જય ગરવી ગુજરાત**

આપનો,

**શ્રી ભરત ચૌધરી**

મહામંત્રી,

ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ



**શ્રી અમિત પંડ્યા**
સારસ્વત સંપાદકશ્રી

## સંપાદકીય લેખ



**શ્રી દીપકકુમાર પી. પટેલ**
સારસ્વત સહસંપાદકશ્રી

# નમો કે નામ રક્તદાન અભિયાન
## માનવતાનો મહાયજ્ઞ
## દિનાંક 16-09-2025

**પ્રારંભ :**

ગુજરાતના પનોતા પુત્ર આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના 75મા જન્મદિનની ઉજવણી વિવિધ રીતે થાય છે. પરંતુ આપણે એવી ભેટ શ્રી નરેન્દ્રભાઈને આપીએ જે અમૂલ્ય છે, જે માનવસર્જિત ન હોય તેવી ભેટ આપવાનો ઉત્તમ વિચાર મદદગાર પરિવારના પ્રમુખશ્રી પ્રકાશભાઈ ગુર્જરને સ્ફૂર્યો. આ વિચારને મદદગાર પરિવારના મહામંત્રી શ્રી ધીરેનભાઈ વ્યાસ દ્વારા દિશા આપવાની સંકલ્પના કરી. આ વિચાર આપણા પ્રમુખશ્રી ભાનુપ્રસાદ પટેલ અને મહામંત્રી શ્રી ભરતભાઈ ચૌધરી સમક્ષ રજૂ કર્યો, જે વિચારને આપણા સંઘે સંકલ્પિત કર્યો અને નક્કી કર્યું. આ વિચારને વિશ્વવિક્રમ સુધી કેવી રીતે પહોંચાડાય તેમ છેલ્લા ત્રણ માસના મનોમંથનમાં આ ચાર દિગ્ગજોએ રૂપરેખા બનાવી અન્ય કર્મચારી સંઘો સાથે તા. 30-06-2025ના રોજ અમદાવાદની રાજપથ ક્લબમાં બેઠક કરી અને વિશ્વાસ સંપાદિત કર્યો કે જો આપણે સૌ સાથે મળી આ કાર્યને કરીશું તો ચોક્કસ વિશ્વવિક્રમ બનાવી શકીશું.

**અભિયાન વ્યાપ :**

આમ, આ "માનવતાના મહાયજ્ઞ"ની શરૂઆત થઈ અને લક્ષ્યસિદ્ધિ પામવા સતત ભાનુપ્રસાદ, ધીરેનભાઈ, ભરતભાઈ મંથન કરતા કે જો વિશ્વવિક્રમ બનાવવો હોય તો ડોક્યુમેન્ટેશન પણ અત્યંત જરૂરી છે. અન્ય ઘણીબધી આર્થિક બાબતોનો વિચાર પણ જરૂરી છે. પણ પ્રભુકાર્ય કરો તો ઈશ્વર સામેથી મદદે આવે છે તેમ સમગ્ર આર્થિક મૂંઝવણની જવાબદારી મદદગાર પરિવારના પ્રમુખશ્રીએ પોતાના ઉપર લઈ, માત્ર કાર્ય તરફ લક્ષ્ય આપવા પ્રેરણા આપી. પણ ડોક્યુમેન્ટેશનનું શું ? તે પ્રશ્નનો જવાબ પણ આપણે

આપણા જ પરિવારમાંથી શ્રી મહેશભાઈ ઠક્કર દ્વારા હલ થયો. અને આ કામ એકલે હાથે તેમણે તેમની Book Bazar કંપની પાસે મોબાઇલ એપ્લિકેશનની સુંદર રચના કરી હલ કર્યું. આ એપ્લિકેશન આપણા રાજ્યના આરોગ્યમંત્રીશ્રીને પણ ખૂબ વખાણી. તેમણે મીડિયામાં જાહેરમાં વખાણ પણ કરેલ. આમ, આ કાર્ય પણ સરળ બન્યું.

**સહકાર :**

શ્રી પ્રકાશભાઈ ગુર્જર, જે. પી. પટેલ સાહેબ, સરકાર તથા પક્ષના વિવિધ મહાનુભાવોનો સહકાર માટે સતત પ્રયત્નશીલ રહ્યા અને વિવિધ સંઘના પ્રમુખશ્રી સતીષભાઈ, શ્રી અરવિંદભાઈ, શ્રી ભરતભાઈ પટેલ, શ્રી મહિડાજી, શ્રી રણજીતસિંહ, શ્રી મિતેશ મોદી, શ્રી દિગ્વિજયસિંહ જાડેજા વગેરે મહાનુભાવોના નામ મને વ્યક્તિગત યાદ નહીં હોવાથી ક્ષમા કરશો, પણ સમગ્ર ગુજરાત રાજ્યના સરકારી કર્મચારી મંડળો જેવા કે સચિવાલય, આરોગ્ય, એસ.ટી., હોમગાર્ડ, તલાટી, વર્ગ-3, પંચાયત, બિશપ, પ્રાથમિક શિક્ષક સંઘ, માધ્યમિક શિક્ષક સંઘ, ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘ, વહીવટી કર્મચારી સંઘ, જળસંપત્તિ વગેરે સંઘોને સાથે રાખી સરકારનો સહકાર મેળવેલ. તેના જ ભાગરૂપે આ મહાયજ્ઞની પૂર્ણાહુતિ સમયે આપણા મૃદુ અને મક્કમ મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ ટાગોર હોલમાં આવેલ, જે આપણા સૌના અહોભાગ્ય છે.

આ માનવતાના મહાયજ્ઞને સફળ કરવા ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ અને મદદગાર પરિવારના સંયુક્ત પ્રયાસોથી સમગ્ર ગુજરાતમાં અનોખું અભિયાન એટલે “નમો કે નામ રક્તદાન” માનવસેવાના પવિત્ર ભાવથી પ્રેરિત આ અભિયાનમાં સમાજના દરેક વર્ગને જોડવા અપીલ થયે દરેક કર્મચારી વર્ગોએ એક ભવ્ય વિશ્વવિક્રમ સર્જ્યો.

**કેન્દ્રો - સહાયતા :**

માનવતાના મહાયજ્ઞને રાજ્ય આચાર્ય સંઘે પોતાની જવાબદારી સ્વીકારી દરેક તાલુકા, જિલ્લા, નગરપાલિકા, મહાનગરપાલિકામાં આચાર્ય મિત્રોના સહકારથી 378 રક્તદાન કેન્દ્રનું આયોજન કર્યું. આમ આચાર્ય સંઘે સ્થળ અને સ્વયંસેવકની વ્યવસ્થા પૂરી પાડી, તો મદદગાર પરિવારના મહામંત્રી શ્રી ધીરેનભાઈ વ્યાસે ગુજરાતની 208 બ્લડ બેંકનો સંપર્ક કરી 378 કેન્દ્રો માટેની મેડીકલ ટીમ મોકલવાની ઉત્તમ વ્યવસ્થા પણ ખૂબ જહેમત કરી પૂર્ણ કરી. શ્રી મહેશભાઈ ઠક્કર દ્વારા સમગ્ર વ્યવસ્થાને ટેકનોલોજીથી સરળ કરવા રજિસ્ટ્રેશન લિંકથી લઈ રક્તદાતાના સર્ટિફિકેટ માટેનો સંપૂર્ણ સપોર્ટ તેમની ટીમે રાત-દિવસ જોયા વગર કાર્ય કરી સમગ્ર મહાયજ્ઞને એક ડોક્યુમેન્ટેશન કરી આપ્યું.

**શીર્ષકતા સાર્થકતા :**

"નમો કે નામ રક્તદાન" આ ટાઈટલ જ એક ઊર્જાવાન હતું, પણ તેમાં પણ ઑપરેશન સિંદુર, જે ભારતની ખમીરીનું ઉત્તમ ઉદાહરણ આપે છે, તે બંને સમગ્ર કર્મચારી આલમને તો સ્પર્શી ગયા. પરંતુ સમસ્ત સમાજના લોકો પણ સ્વયંભુ જોડાયા. સમગ્ર રાજ્યની શાળાઓએ એક જ દિવસ એક જ સમયે "રક્તદાન મહાદાન"ના નારાથી સમાજને જાગૃત કરવા દરેક શાળાએ રેલીઓનું આયોજન કર્યું.

**માનવતાનો મહેરામણ :**

આમ, સમગ્ર રાજ્યમાં રક્તદાનનું જે અભિયાન ચાલ્યું તેમાં મંત્રીશ્રીઓથી લઈ તમામ વર્ગ-1 અને 2ના પદાધિકારીશ્રીઓએ પણ પોતાનો ઉત્સાહ બતાવી જરૂરિયાત મુજબની મદદ તો કરી, પણ પોતે સૌ રક્તદાન મહાયજ્ઞમાં પણ સહભાગી બન્યા. આમ, તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓએ તો ખૂબ મદદ કરી, પણ અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારીશ્રી રોહિતભાઈ એમ. ચૌધરી સાહેબે રક્તદાન જાગૃતિ અભિયાન માટે વિશેષ બેઠક કરી સૌને પ્રેરણા આપી. રક્તદાતા રક્તદાન મથક સુધી પહોંચે તેવા આયોજનની પણ સતત ચિંતા કરી.

**પરમાર્થ :**

આમ, કાર્યની શરૂઆતથી સતત મહેનત-મહેનત અને મહેનત કરવામાં પ્રકાશભાઈ, જયપ્રકાશભાઈ, ભાનુભાઈ, ભરતભાઈ કે ધીરેનભાઈએ ક્યાંય કસર ન રાખી. આ કાર્ય કરતા સમયે ક્યાંક-ક્યાંક નીરસતા આવતી - દેખાતી ત્યારે આપણા ઘટક સંઘના પ્રમુખ કે મંત્રી સાથે વાત થતાં પુનઃ આ નેતા ઊર્જાવાન થતા અને ડબલ જોશથી કાર્ય કરતા. આમ અભિયાનને વિશ્વવિક્રમ સુધી પહોંચાડવા દરેક ઘટકના હોદ્દેદાર કે સભ્યોનો ખૂબ મોટો ફાળો છે. આ અભિયાનમાં એક નવું તેજ, નવો ઉત્સવ જોવા મળ્યો અને દરેક એકમેકના વાંધા-વિરોધને બાજુમાં રાખી ખભેખભો મિલાવી દરેકે યથાયોગ્ય કાર્ય કર્યું. અને સરકાર તથા સમાજને આપણે માત્ર સ્વાર્થી નહીં, પરમાર્થી છીએ તે સૌએ સાબિત કર્યું.

આ કાર્ય દરમિયાન ઘણા રક્તદાન કરવા આવેલા, પરંતુ નિયમમાં ન આવતાં તેઓ લોહી આપી શકેલ નહીં. પરંતુ તેઓએ આ કાર્યની તત્પરતા દાખવી તે પણ અભિનંદનને પાત્ર તો છે જ, પણ સ્વાસ્થ્યની કાળજી લે તેવી અભ્યર્થના પણ છે.

**આંકડાની સિદ્ધિ :**

આંકડાની સિદ્ધિ જોઈએ તો સૌના પ્રયાસથી આપણે અંદાજિત 1,80,000 જેટલું રજિસ્ટ્રેશન કરાવ્યું. ઓનલાઈન રજિસ્ટ્રેશન મળતાં આપણે કેન્દ્રો નક્કી કર્યા અને દરેકને અનુકૂળતા મુજબ કુલ 378 કેન્દ્ર સંચાલકોએ સામે ચાલી તત્પરતા દાખવી.

આમ, આ કેન્દ્રો ઉપર ખૂબ જ મોટા પ્રમાણમાં રક્તદાન થયું. સરેરાશ એક કેન્દ્ર ઉપર 148 લોકોએ રક્તદાન કર્યું તેવું માની શકાય. અને આપણે લક્ષ્યસિદ્ધિ સુધી પહોંચેલ. કેન્દ્ર પ્રમાણે આંકડા છે પરંતુ એપ, પ્રત્યક્ષ અને બ્લડ બૅંકના અંકો વચ્ચે વિસંગતતા હોવાથી તે પ્રસિદ્ધ કરી શકતા નથી.

ઓફલાઈન અન ઓનલાઈન રજિસ્ટ્રેશનની સામે થયેલ રક્તદાનની ટકાવારીમાં સૌથી વધુ રક્તદાન નીચેના ઘટકમાં થયેલ :

| | | | |
|---|---|---|---|
| દેવભૂમિ દ્વારકા | : | 66.85% | પ્રથમ |
| બનાસકાંઠા | : | 50.43% | દ્વિતીય |
| અમદાવાદ ગ્રામ્ય | : | 45.77% | તૃતીય |

આમ, તમામ ઘટકમાં સૌથી ઓછું રક્તદાન 9.94% નોંધાયેલ અને મોટા ભાગે અન્ય ઘટકમાં 22%થી ઉપર રક્તદાન નોંધાયેલ છે. સર્વે મિત્રોની નિષ્ઠાપૂર્વક કામગીરીથી સંગઠનને મદદગારની મદદથી યશકલગીમાં શ્રેષ્ઠ પીંછું ઉમેરાયેલ છે.

આમ, આ સમગ્ર લેખ એક ઇતિહાસકારી લેખ બનાવવા શ્રી પ્રકાશભાઈ ગુર્જર, શ્રી ભાનુપ્રસાદ પટેલ, શ્રી ધીરેનભાઈ વ્યાસ, શ્રી ભરતભાઈ ચૌધરી, શ્રી જે. પી. પટેલ અને શ્રી મહેશભાઈ ઠક્કરનો સમગ્ર ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ આભાર માને છે.

મારા તમામ આચાર્ય મિત્રોએ આ અભિયાન દ્વારા સિદ્ધ કર્યું :

**''एकः आचार्यः सहस्त्रं जनान् प्रेरयितुं शक्नोति ।''**

**॥ આચાર્ય દેવો ભવઃ ॥**

આપ સર્વના સંકલ્પ અને નિઃસ્વાર્થ ભાવ સિવાય ગમે તેટલી અનુકૂળતામાં પણ આ કાર્યની સફળતા શક્ય ન હતી. માટે આપ સર્વેનો આભાર માની અમો ઋણમુક્ત નહીં થઈએ પણ સંગઠન થકી સતત સેવા કરી આપના આભારી રહીશું.

**આપના,**

**દિપકકુમાર પી. પટેલ**
સારસ્વત સહ સંપાદકશ્રી
ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ
(મો.) ૯૪૨૭૩૧૧૯૩૯

**અમિત પંડ્યા**
સારસ્વત સંપાદકશ્રી
ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ
(મો.) ૯૯૭૪૫૨૫૩૩૨

# ગુરુકુળ - શિક્ષણ વ્યવસ્થાનું પુનરુત્થાન

**લેખાંક–2 : સંપૂર્ણ જીવન, વડોદરા**

**ભૂમિકા :**

'શ્રી સારસ્વત' સામયિકના એપ્રિલ/મે-૨૫ના અંકમાં આપણે તપાસી ગયા કે વર્તમાન સમયમાં સંઘર્ષ, હિંસા, વિષાદ અને તાણનું પ્રમાણ વધતા જાય છે ત્યારે 'સા વિદ્યા યા વિમુકતયે'ના મંત્રને સાકારિત કરવા, ગુરુકુળ વ્યવસ્થાના પુનરુત્થાન માટે પ્રતિબદ્ધતા કેળવવાનો સમય પાકી ગયો છે. આ ઉદ્દેશ્યને ચરિતાર્થ કરવા અનિવાર્ય છે ભૌતિક શિક્ષણની સાથે આધ્યાત્મિક શિક્ષણનો સમન્વય. આ અનુબંધને કેન્દ્રમાં રાખતો લેખ 'શ્રી સારસ્વત'ના ડિસેમ્બર-૨૪/જાન્યુઆરી-૨૫ના અંકમાં પ્રકાશિત થયેલ છે.

ગુરુકુળ વ્યવસ્થાના તાત્વિક પાસાંનું વિશ્લેષણ કરીએ તે પૂર્વે આ લેખમાં શાળા-મહાશાળાના વિદ્યાર્થીઓમાં અભ્યાસકાળથી જ વિશાળતા, વ્યાપકતા અને સંવેદનામૂલક પ્રસન્નતા વિકસાવવા માટે કયા પ્રકારના પરિવર્તનની અપેક્ષા છે તે તપાસી લઈએ.

**વિદ્યાર્થીઓ પાસે પરિવર્તનની અપેક્ષા :**

**(૧) પરમાત્મા અને આત્મા ઉપરની દૃઢ શ્રદ્ધા :** આ જ્ઞાન પ્રાપ્તિ માટેની પ્રથમ શરત છે સમગ્ર સૃષ્ટિના સર્જનહાર પરમાત્મા પરની શ્રદ્ધા અને તેની સાથે જ પરમાત્મા સ્વયં દરેક સજીવમાં કોઈ ભેદભાવ વિના ચેતના સ્વરૂપે બિરાજે છે તે આત્મા ઉપરની અખૂટ શ્રદ્ધા. ભૌતિક શિક્ષણ વ્યકિતમાં સંપત્તિ, સુખ અને સત્તા પ્રાપ્તિ માટેની સલામતીનું નિર્માણ કરે છે તેમ આધ્યાત્મિક શિક્ષણ મેળવનારને તેના જીવનમાં નિત્ય પ્રસન્નતાની બાંહેધરી આપે છે. દરેક વ્યકિતનો આત્મા આનંદ સ્વરૂપ છે. જો તે અધ્યાત્મનું શિક્ષણ મેળવશે તો તેની પાસે મર્યાદિત સમૃદ્ધિ કે સત્તા હોવા છતાં આત્મવિશ્વાસને આધારે કાયમી પ્રસન્ન રહી શકશે.

ભૌતિક શિક્ષણ સરકારના કાયદો અને વ્યવસ્થાની સમજણ આપે છે. આ કાયદાનું પાલન ન કરનારની સ્થિતિ સ્પષ્ટ કરવામાં આવે છે. જયારે આધ્યાત્મિક શિક્ષણ પરમાત્માની સ્વયં સંચાલિત વ્યવસ્થા સમજાવે છે. આપણે જો અપ્રામાણિકતા કે અન્યાય દ્વારા સંપત્તિ કે સત્તા હાંસલ કરીશું તો આ જન્મ કે આવતા જન્મમાં જ કેવા વિપરિત ફળ મળશે તેની વ્યવસ્થા સર્વોચ્ચ ન્યાયાધીશ પરમાત્માએ વિચારી રાખેલી છે. આ વાત જો વિદ્યાર્થીઓને શિક્ષણના પ્રારંભકાળમાં જ સમજાય જાય તો આગામી જીવનમાં કયારેય તે ખોટા કામો નહીં કરે.

**(૨) નિષ્કામ કર્મ દ્વારા આનંદ :** દરેક વિદ્યાર્થીએ શિક્ષણ પૂર્ણ કર્યા પછી કોઈને કોઈ વ્યવસાય કે સેવાના ક્ષેત્રમાં જવાનું છે. તે માટે તેણે આજીવન કર્મમાં પ્રવૃત્ત રહેવાનું છે. આધ્યાત્મિક શિક્ષણ તેને એવા પ્રકારના કર્મ કરવાની દિશા અને માર્ગદર્શન આપે છે કે જેથી તે હરહંમેશ પોતાની જવાબદારી નિભાવતા રહીને પ્રસન્ન રહી શકે.

**(૩) ટીમ મેમ્બરની ભાવના :** આધ્યાત્મિક શિક્ષણ તત્વને વફાદાર રહીને કર્મ કરવાની કેળવણી આપે છે. તેથી વ્યકિત સૌની સાથે મળીને સંપથી કામ કરશે. ફલસ્વરૂપ તે કોઈની સાથે સંઘર્ષમાં ઉતર્યા વિના સદાયે સફળ રહેશે.

**(૪) ધીરજ, કર્મમાં સાતત્ય :** ઘણા લોકો પોતાના લક્ષ્યની નજીક પહોંચી જવા છતાં અધીરાઈને લીધે કારકીર્દિના શિખર સર કરી શકતા નથી. આધ્યાત્મિક શિક્ષણ સાત્વિક ધીરજની સમજણ આપે છે. તેથી વ્યકિત આળસ કે પ્રમાદની જાળમાં ફસાયા વિના પોતાના પુરુષાર્થને કયારેય છોડશે નહી.

**(૫) તણાવમુકિત :** સમાજમાં અસંખ્ય લોકો તણાવગ્રસ્ત જીવન જીવે છે. ભૌતિક શિક્ષણમાં તણાવનું જ્ઞાન અપાતું નથી. આધ્યાત્મિક શિક્ષણ તણાવના નિયમનું સવિસ્તર શિક્ષણ પૂરું પાડે છે. તણાવના ચરમબિંદુ પર પહોંચીને કઈ રીતે કાર્યક્ષમતાથી કામ કરી શકાય છે. જો તેની લક્ષ્મણરેખા ઓળંગવામાં આવે તો જ વિષાદગ્રસ્ત થવાય છે, તેની સમજ કેળવાતાં તે કટોકટીના કાળમાં પણ પ્રસન્ન જીવન જીવી શકશે.

**(૬) સંતોષ :** કોઈપણ વ્યકિત કયારેય અમર્યાદિત સમૃદ્ધિ કે સત્તા મેળવી શકે નહીં. તેમ છતાં તે અજ્ઞાનને કારણે નિષ્ફળ પ્રયાસો કરે છે ત્યારે તેને સંતાપ થાય છે. આધ્યાત્મિક શિક્ષણ ફળની અપેક્ષા રાખ્યા વિના સતત કર્મ કરતા રહેવાની દૃષ્ટિ આપે છે. તેથી સહજ સંતોષી જીવન જીવી શકાય છે.

**(૭) કર્તાપણાનો અભાવ :** સાંપ્રત સમયમાં મોટાભાગના મનુષ્યો એવું માને છે કે જે કંઈ સમૃદ્ધિ કે સત્તા પ્રાપ્ત કરી છે તે મારા કારણે જ છે. આધ્યાત્મિક શિક્ષણને કારણે તેને ખ્યાલ આવે છે કે કાર્યની સિદ્ધિ માટે ઘણા બધા પરિબળો જવાબદાર છે અને તે બધાના સહયોગથી જ સફળતા મેળવી શકાય છે.

**(૮) અભય/રાગ-દ્વેષનો અભાવ :** આપણા મહાન શત્રુ ભયનું મૂળ છે દ્વૈતભાવ. બીજા લોકો પરનો અવિશ્વાસ, આધ્યાત્મિક શિક્ષણ સ્પષ્ટતા કરે છે કે એક જ પરમાત્મા દરેક જીવમાં રહેલા છે. વિશ્વમાં વિવિધતા છે. દરેકના શરીર જુદા જુદા છે પણ સૌનો આત્મા એક સમાન છે. એકત્વનો આ સિદ્ધાંત તેને સમજાઈ જશે. તેથી તે દરેક જીવમાં પરમાત્માના દર્શન કરશે. કોઈના તરફ તેને રાગ કે દ્વેષ પેદા થશે નહીં. પરિણામે સમાજમાં સંઘર્ષ કે વિગ્રહને કોઈ સ્થાન નહીં હોય.

**(૯) અહિંસક વલણ :** અહિંસાનો સ્રોત છે દેહભાવ. વિદ્યાર્થીને જયારે અપરિવર્તનશીલ આત્માનું દર્શન થશે ત્યારે દેહભાવ ઘટશે, હિંસકવૃત્તિનું શમન થશે અને આપોઆપ અહિંસક વલણ વિકસશે.

**(૧૦) સત્યનિષ્ઠા :** વિદ્યાર્થીને જયારે ખાતરી થશે કે સત્ય એજ ઈશ્વર છે. ઈશ્વર એજ સત્ય છે. સત્યના ફાયદા લાંબે ગાળે અવશ્ય મળે છે. જયારે અસત્ય વાણી-વ્યવહાર એ વર્તનથી અપાર નુકસાન જાય છે ત્યારે તે કયારેય અસત્યનો આશ્રય લેશે નહીં.

**(૧૧) નિરહંકાર અને નમ્રતા :** વિદ્યાર્થીને સકારાત્મક અને હાનિકારક અહંકાર વચ્ચેની ભેદરેખા સ્પષ્ટ થશે ત્યારે તે અહંકારનો સદુપયોગ કરશે અને પોતાના વ્યકિતત્વને વિકસાવી શકશે.

**(૧૨) વ્યાપકતા અને વિશાળતા :** ભૌતિક શિક્ષણ વ્યકિતને માત્ર પોતાનો જ સ્વાર્થ સાધવાનું સંકુચિત શિક્ષણ આપે છે. આધ્યાત્મિક શિક્ષણ વ્યાપક અને વિશાળ દૃષ્ટિકોણ વિકસાવવામાં મદદ કરે છે.

**(૧૩) કોઈના પ્રભાવમાં નહીં આવે :** આધ્યાત્મિક શિક્ષણના અભાવે મોટાભાગના લોકો સમૃદ્ધિ કે સત્તા ધરાવનારના પ્રભાવમાં આવી જાય છે. તેથી સમ્રાજમાં નિમ્નસ્તરના લોકો અકારણ પ્રતિષ્ઠીત બની જાય છે. આધ્યાત્મિક શિક્ષણને કારણે વ્યકિત કોઈના પ્રભાવમાં નહીં આવે કે પોતે બીજાને પ્રભાવિત કરવાનો પ્રયત્ન પણ નહીં કરે.

**(૧૪) અન્યાય સામે પ્રતિકાર શક્તિ :** સમાજમાં આધ્યાત્મિક શિક્ષણનું સ્તર ખૂબ જ નીચું હોવાથી શાસકો તેમની ફરજ ચૂકી જાય છે તો પણ નાગરિકો પ્રતિકાર કરતા નથી. અન્યાયને સહન કરે છે. આધ્યાત્મિક શિક્ષણ આત્માની શકિત સમજાવે છે. તેથી વ્યકિતમાં અન્યાય સામે પ્રતિકાર કરવાનો સ્રોત વિકસે છે.

**સમાપન :**

આધ્યાત્મિક શિક્ષણ દ્વારા વિદ્યાર્થીઓમાં ચારિત્ર્યઘડતર અને ગુણોનું સંતુલન સાધવા માટે આવશ્યક ગુરુકુળ વ્યવસ્થાનો ઈતિહાસ, ઉદ્દેશ્ય અને સમાજ પર તેની અસરો આવતા અંકમાં ચર્ચીશું.

સંપૂર્ણ જીવન દ્વારા ચારેક વર્ષથી જિજ્ઞાસુ શિક્ષકોને આધ્યાત્મિક શિક્ષણ આપવા માટેના કાર્યક્રમની શરૂઆત થઈ ચૂકી છે. બે શાળામાં વિદ્યાર્થીઓને શિક્ષકો દ્વારા આધ્યાત્મિક શિક્ષણ આપવાનો શુભારંભ થયો છે. તેના માટે જરૂરી ધોરણ ૧ થી ૩ના પાઠયપુસ્તકો તૈયાર થઈ ગયા છે. ધોરણ ૪ થી ૯ના આવતા વર્ષ પૂર્વે તૈયાર થઈ જશે. ગુજરાતની ૧૫ કોલેજો તેમજ ૨૦ માધ્યમિક શાળાઓના આચાર્યો, અધ્યાપકો અને કાર્યકરોને ઓનલાઈન આધ્યાત્મિક શિક્ષણ માટે તૈયાર કરવાનો પ્રોજેકટ ચાલુ છે. તેમના તરફથી ભાવસભર પ્રતિસાદ મળી રહે છે તેનો આનંદ છે. મો. ૯૪૨૬૪૬૧૦૯૦ (ક્રમશઃ)

# पढ़ाई का विज्ञान-९

– પ્રાંજલભાઈ જોષી
C.A., પુના.
ડાયરેક્ટર, D.S.P.P.L.

परीक्षाओं की यात्रा में छात्रों को सबसे अधिक जकड़ लेने वाली भावना है – "भय"। कुछ विद्यार्थी इस एकमात्र भावना से इतने दब जाते हैं कि वे गंभीर रूप से बीमार हो जाते हैं और परीक्षा में बैठ भी नहीं पाते। फिर परिणाम का दिन मात्र एक औपचारिकता रह जाता है। यहाँ तक कि विद्वान छात्र भी इस भावना के शिकार बनते हैं। तो यह भय है क्या? यह आता कहाँ से है? और सबसे महत्वपूर्ण, क्या इस भय का कोई समाधान है?

भय पर चर्चा प्रारंभ करने से पहले, क्या आप इस शब्द का प्रचलित फुल फॉर्म जानते हैं ? यह जानना वास्तव में रोचक है। भय के उत्पन्न होने की प्रक्रिया स्वयं इस फुल फॉर्म से स्पष्ट हो जाती है। FEAR = Fantasies Experienced As Reality (कल्पनाओं को वास्तविकता समझ लेना)। परीक्षा से पहले ट्यूशन टेस्ट या मॉक टेस्ट में कम अंक आना जैसी छोटी सी घटना घट सकती है। कई बार तो वास्तविक जीवन में कुछ घटित भी नहीं होता। लेकिन चिंतित मन इस छोटी या संभावित घटना से संकेत पकड़कर भविष्यवाणियाँ करने लगता है। जीवन के प्रति दृष्टिकोण पूरी तरह नकारात्मक हो जाता है और मन निराशावादी बनने लगता है। वह परीक्षा पत्रों, परिणामों और आगे के शैक्षणिक जीवन को लेकर काल्पनिक प्रतिकूल परिस्थितियाँ (मिथ्या चित्र) बनाने लगता है । सब कुछ असफलता की ओर बढ़ता प्रतीत होता है और वर्तमान में हताशा लेकर आता है।

भय सदैव भविष्य से जुड़ा होता है। यह न अतीत का होता है, न वर्तमान का। परंतु यह वर्तमान में निराशा, चंचलता, अध्ययन में एकाग्रता की कमी और असहायता की स्थिति अवश्य ला देता है।

डॉ. डेविड हॉकिन्स द्वारा विकसित The Courage Scale के अनुसार "भय" की स्थिति 100 ऊर्जा स्तर पर आती है। जबकि प्रगति हेतु न्यूनतम आवश्यक ऊर्जा स्तर 200 है। न्यूरोलॉजिस्ट मानते हैं कि यह भावना निचले मस्तिष्क का हिस्सा है, जो पशुवत प्रवृत्ति दर्शाती है। जबकि मनुष्य तभी प्रगति कर सकता है जब वह उच्च मस्तिष्क का प्रयोग करे। इस पशु-सुलभ भावना को अनुभव करने पर हमारे पास दो विकल्प रह जाते हैं – Fight या Flight। इसी कारण भय का एक और फुल फॉर्म कहा जाता है – FEAR = Forget Everything And Run (सब कुछ भूलो और भागो)।

लेकिन भागने से समस्या का समाधान नहीं होता। अधिकतम यह कुछ समय के लिए शांति दे सकता है। इसलिए भय से निपटने के लिए कुछ करना आवश्यक है।

हम सब कोविड के कठिन समय, विशेषकर भारत में आई दूसरी लहर को कभी नहीं भूल सकते। हर कोई भयभीत था, कई लोग बीमार पड़ रहे थे, लंबा समय ले रहे थे ठीक होने में। ठीक हो जाने के बाद भी भय बना रहता था, स्वास्थ्य किस दिशा में जा रहा है इसकी अनिश्चितता बनी रहती थी। इस अराजकता को देखते हुए आजीत सर ने "Wave of Faith" नामक कार्यक्रम आरंभ किया। सात अलग-अलग पहलें हमारे साधक दल ने ज़रूरतमंदों की सहायता हेतु कीं। प्रतिदिन रात 7 से 8 बजे तक सर ऑनलाइन प्रश्नोत्तर और मार्गदर्शन करते, उपाय सुझाते। इस कार्यक्रम में हमने अनेक चमत्कारिक उपचार देखे। मुझे आज भी याद है कि इस पहल के बारे में सर ने क्या कहा था – जो हमारी चर्चा के लिए अत्यंत उपयुक्त है:

"भय को मापा नहीं जा सकता। जीवन में कई अमाप्य पहलू होते हैं। वास्तव में सब कुछ मापने की हमारी प्रवृत्ति हमें समाधान से अधिक दुख देती है। आज का समय भय की लहर से भरा है। पर याद रखिए – भय को विश्वास (Faith) से जीता जा सकता है। न भय मापा जा सकता है, न विश्वास। किसी गैर-रेखीय (non-linear) पहलू को रेखीय (linear) उपायों से हल नहीं किया जा सकता। हमें एक बड़ी लहर, विश्वास की विशाल लहर उत्पन्न करनी होगी। केवल वही लहर भय की घातक लहर को परास्त कर सकती है। यही है 'Wave of Faith' पहल का सार।"

इस प्रकार भय का उत्तर है – विश्वास। हमें अपने वर्तमान से आगे बढ़कर जीवन में परिवर्तन लाना होगा और यह परिवर्तन विश्वास ही ला सकता है।

तो विश्वास का अर्थ क्या है? FAITH = For Answers I Trust Him (उत्तर के लिए मैं उस पर भरोसा करता हूँ)।

यह "Him" अलग-अलग लोगों के लिए अलग हो सकता है। साधकों और भक्तों के लिए यह ईश्वर, गुरु या साधना का मार्ग हो सकता है। नास्तिक के लिए यह स्वयं उसका प्रयास, उसकी बुद्धि और आत्मविश्वास हो सकता है, जो उसे भय से बाहर निकालकर खुलापन, तर्कशीलता और उत्साह की ओर ले जाएगा। ये सभी The Courage Scale पर "200 से ऊपर" ऊर्जा स्तर पर स्थित हैं।

विश्वास पशुता से मानवता और फिर निरंतर प्रयास से दिव्यता की ओर ले जाने वाला मार्ग है। विश्वास हमें निचले मस्तिष्क से ऊँचे मस्तिष्क की ओर ले जाता है। भय को हम लड़कर नहीं जीत सकते, बल्कि विश्वास के सहारे उससे ऊपर उठ सकते हैं। तभी हम भय को सार्थक दिशा देंगे और FEAR को बना देंगे –

FEAR = Face Everything And Rise (हर परिस्थिति का सामना करो और आगे बढ़ो)।

# શાળાનો પ્રાણ - પ્રાર્થનાસભા

**- દિનેશ માંકડ (9427960979)**

દરેક શાળામાં પ્રાર્થના તો થતી જ હોય. પણ અભ્યાસક્રમ અને ગુણવતાની દોડમાં ઘણી વખત પ્રાર્થનાસભાનું મૂલ્ય ઓછું અંકાઈ જતું હોય છે. માનવ શરીરમાં આંખ, કાન, તંદુરસ્ત હાથપગ મજબૂત હોય પણ જો શ્વાસોશ્વાસનો કોઈ રોગ હોય તો ? શાળા ઊંચા પરિણામવાળી અને નામાંકિત હોય પણ તેમાંથી કેવળ માત્ર સારું પરિણામ લઈને નીકળતો વિદ્યાર્થી, ઉત્તમ વિદ્યાર્થી તો નથી જ, જો એનામાં જીવનોપયોગી જ્ઞાન ન  હોય તો. પ્રાર્થના સભા આ કાર્ય કરે છે. એટલે જ પ્રાર્થનાસભા શાળાનો પ્રાણ છે.

પ્રાર્થનાસભા તો સાગર - રત્નાકર જેવું કાર્ય કરી શકે. ઉત્તમ વિદ્યાર્થી તૈયાર કરવામાં પ્રાર્થનાસભાની ખૂબ મોટી ભૂમિકા હોઈ શકે. મોટાભાગની શાળાઓમાં દૈનિક પ્રાર્થના તો પાંચ કે સાત મિનિટની કેવળ વર્ગ-પ્રાર્થના જ હોય છે. સપ્તાહમાં એકાદ વાર સમૂહ પ્રાર્થનાસભાનું આયોજન થાય છે. કેટલીક મોટી શાળાઓ તો મહિનામાં એકાદ વખત જ અને તે પણ ચોક્કસ વર્ગ જૂથને અનુલક્ષીને જ હોય. અરે, કેટલીક શાળાઓને પોતાનું મેદાન જ ન હોય તો સમૂહ પ્રાર્થના ગોઠવાતી જ નથી ! અલબત્ત દરેક શાળાને પોતાની મર્યાદા હોય અને તે રીતે આયોજન થાય તે સ્વાભાવિક છે. પરંતુ પ્રાર્થના સભાનું યોગ્ય અને ઉત્તમ આયોજન શાળાના અને વિદ્યાર્થીમાં ચમત્કારિક પરિણામ લાવે છે એ હકીકત છે.

ઉત્તમ શિક્ષણ આપવું એ શાળાની જવાબદારી છે એ એટલી જ સાચી વાત છે.  અને વાલીની પ્રથમ અપેક્ષા પણ એ જ હોય એ પણ સ્વાભાવિક છે. 'કેળવે તે કેળવણી' એવા ગાંધી વિચાર ને આપણે સાવ  ભૂલી જ ગયા છીએ. વળી 'પ્રાર્થના આત્માનો ખોરાક છે.' એ સત્ય પણ વિસરી ગયા છીએ. તેના ગંભીર પરિણામ શાળામાં અને શાળા બહાર આપણે જોઈએ છીએ.

આદર્શ રીતે તો દરરોજ સમૂહ પ્રાર્થનાસભા થવી જ જોઈએ. ઘણા આચાર્ય મિત્રો સમય અને આયોજનની સમસ્યા વિચારશે. મિત્રો, આપણે અઘરા કે અતિ મહત્ત્વના વિષયો માટે વિશેષ સમય નથી ફાળવતા ?  જો હા, તો પ્રાર્થના માટે કેમ ન ફાળવી શકાય ?  તમારો સંભવિત ઉત્તર છે - 'તે પરિણામલક્ષી નથી.' આ ઉત્તર બિલકુલ અયોગ્ય અને ઉતાવળીયો છે. મિત્રો, ડૉ. ગુણવંત શાહ કહે છે કે, ‘આપણે માણસ ઉછેરવાનું ભગીરથ કાર્ય કરીએ છીએ.’  શું એકલું પુસ્તકિયું

શિક્ષણ આપીશું એટલે આપણી ફરજ પૂરી ? મંથન કરવાનો વિષય છે.

સહુ પ્રથમ તો પ્રાર્થના સમિતિની રચના આવશ્યક છે. રસિક અને ઉત્સાહી શિક્ષકો અને વિદ્યાર્થીઓને તેમાં જોડાય. પ્રાર્થનાસભાનું આયોજન વિવિધ દૃષ્ટિકોણથી થઈ શકે. અગાઉ કહ્યું તેમ દરરોજની વિવિધ અર્થસભર પ્રાર્થના. આમ તો દરેક શાળા પોતાની અનુકૂળતા અનુસાર પ્રાર્થનાસભાનું સુંદર આયોજન કરતી જ હોય છે. પ્રાર્થનાસભામાં દરરોજની એક સરખી પ્રાર્થનાને બદલે વૈવિધ્ય લાવી શકાય. દરેક દિવસે ભિન્ન ભાષાઓની ઉત્તમ પ્રાર્થનાઓ. સંસ્કૃતને પણ પૂરતું પ્રાધાન્ય અપાય તે જરૂરી છે કારણકે તે દેવ ભાષા છે. સૌથી વિશાળ અને પ્રાચીન પણ છે. કોઈપણ પ્રાર્થના પસંદ કરીએ ત્યારે, પ્રાર્થનાના શબ્દો બોલવા સરળ હોય અને અર્થસભર હોય તે ખૂબ જરૂરી છે. બહુ ઓછા મિત્રોને જૂની પ્રાર્થનાઓ યાદ હશે. 'મંદિર તારું વિશ્વ રૂપાળું'માં અદભુત પ્રકૃત્તિ પૂજા છે. એવી જ રીતે 'ઓ ઈશ્વર ભજીએ તને' માં ઉદાત્ત ભાવના છે. વેદ મંત્ર 'અસતો મા સદ્‌ગમય...' અને ગુજરાતી અનુવાદ 'અસત્યો માંહેથી' માં ઈશ્વર પાસેની નમ્ર વિનંતી છે.

પ્રતિજ્ઞા પણ દરરોજની ભિન્ન ભાષામાં. શાળા ગીત અને શાળા પ્રતિજ્ઞા પણ નિશ્ચિત દિવસે પ્રસ્તુત થાય. એક પ્રયોગ એવો પણ થઈ શકે કે દરેક દિવસ એક વિષયને ફાળવી દેવાય. એક દિવસ ગણિતનો તો બીજો વિજ્ઞાનનો. સામાજિક વિજ્ઞાન અને ભાષાઓ તો ખરી જ. અને જે તે વિષય પર માહિતી વક્તવ્ય, કવીઝ, ઉખાણા, જેવા નાના નાના મુદ્દા સમયની મર્યાદામાં મૂકી શકાય.

આજના વિદ્યાર્થી પાસે ગુગલ છે પણ પાયાના સામાન્ય જ્ઞાનનો ખૂબ અભાવ જોવા મળે છે. ચલચિત્ર કે ક્રિકેટ જેવા વિષય સિવાય એમનું સામાન્યજ્ઞાન નહિવત જ છે. આ વસ્તુની ખોટ એમને આવતીકાલે પાડવાની છે. અહીં પ્રાર્થનાસભાની ભૂમિકાને જોડી શકાય. દરરોજ સમાચાર વાચન ઉપરાંત સપ્તાહના કે મહિનાના અંતે વીતેલા સમયની વિગતોની આપણે પણ કરી શકાય.અલગ અલગ વિષયના નિષ્ણાતોના વક્તવ્ય ગોઠવી શકાય. ખાસ કરીને કારકિર્દીના આયામો, બેન્ક જેવા જીવન-વ્યવહારનું માર્ગદર્શન, લશ્કરી સેવા જેવા ક્ષેત્રના મહાનુભાવ બોલાવવાથી રાષ્ટ્રભાવના ઉપરાંત સાહસ-વૃત્તિ પણ ખીલે. સ્પર્ધાત્મક પરીક્ષાઓ એ આવતીકાલની ઉજ્જવળ દિશા છે. તેના માગદર્શન માટે પણ પ્રાર્થનાસભાને માધ્યમ બનાવી શકાય.

ભારત તો ઉત્સવપ્રિય છે. ઋષિઓએ સંસ્કૃતિને સાચવવા ઉત્સવો આપ્યા છે. અને મહાપુરુષોની જન્મતિથિ અને રાષ્ટ્રીય તહેવારો વગેરે ઉજવવાના હોય, શાળાની સમયમર્યાદાને સાથે રાખીને શક્ય તેટલા વધારે ઉત્સવો ઉજવી શકાય. અલગ આયોજનવાળા હોય તે સિવાયના

વધુમાં વધુને પ્રાર્થનાસભામાં સમાવી શકાય. પ્રાર્થનાસભામાં દૈનિક યોગ પ્રાણાયામને પણ થોડો સમય ફાળવી શકાય. ગૂજરાત વિદ્યાપીઠમાં વિદ્યાર્થીઓને પ્રાર્થનાસભામાં રેંટિયો કાંતતા જોવા એ અનેરો લહાવો છે.

કેટલીક વાર એવું બને કે દૈનિક પ્રાર્થનાસભા મેદાનમાં શક્ય ન હોય. હવે તો મોટા ભાગની શાળાઓમાં વર્ગમાં સ્પીકર હોય જ છે. ન હોય તો ગોઠવવાની વાતને અગ્રતા આપવી જોઈએ. દરરોજ સમૂહ પ્રાર્થના શક્ય ન હોય તો શક્ય તેટલા દિવસ મેદાની પ્રાર્થનાસભા ગોઠવવાનો પ્રયત્ન કરવો જ જોઈએ.

કેટલાક મિત્રો પ્રાર્થનાસભાના સમય બગાડની વાત કરશે પરંતુ યોગ્ય અને આયોજનબદ્ધ કાર્ય થાય તો ઉપયોગમાં લીધેલા પ્રાર્થનાસભા સમયની સામે ઉપલબ્ધિ જોતાં તો જરૂર સ્વીકારવું જ પડે કે આ સમય શાળા સમયનો સોનેરી સમય છે. આપણે સહુ જાણીએ છીએ કે સપ્તાહના 30 કલાકનું કાર્ય અનિવાર્ય છે. પ્રાર્થના સભા માટે રોજ 30 મિનિટ આપીએ તો છ દિવસના કુલ દોઢ કલાક થાય જે કુલ સમયના માત્ર 5% જ છે. સારા ગુણપત્રક માટે 95% હોય અને સારા માણસ માટે 5%માં પણ કાપકૂપ કરાય ખરી ?

કદાચ ઘણા મિત્રો પાસે કેટલીક સાચી દલીલો પણ હશે જ. છતાં પૂરતું મંથન કરીને ખૂબ ખૂબ અગત્યના આ પ્રયોગને પૂરો ન્યાય આપવાનો સંનિષ્ઠ પ્રયાસ થશે તો અચૂક ચમત્કારિક પરિણામ મળશે જ. અલબત્ત આ પરિણામ જોવા માટેની ધીરજ જરૂર જોઈશે. શાળામાં ધોરણ નવમાં દાખલ થયેલ વિદ્યાર્થી જો ચાર વર્ષ સમૂહ પ્રાર્થનાસભામાં જોડાય તો ચોક્કસ અને ચોક્કસ તેનામાં અજબ પરિવર્તન દેખાય જ. તે શાળા છોડતી વખતે ખૂબ ખૂબ ભાથું ભરીને જ જાય એ વાત નિઃશંક છે.

અને હા બે વાત યાદ રાખવી પડે. સમગ્ર વર્ષનું વિસ્તૃત પૂર્વ આયોજન હોય અને મોટાભાગે પ્રાર્થનાસભાનું સંચાલન વિદ્યાર્થીઓના હાથમાં હોય. મિત્રો મોટાભાગના આચાર્ય મિત્રો આમાનું ઘણું બધું કરતા જ હોય છે જ. કશીય નવી વાત નથી. કદાચ કોઈ પાસે વિશેષ દષ્ટિકોણ કે અનુભવ પણ હશે જ. છતાં મિત્રો, વધતી જતી સામાજિક સમસ્યાઓ શિક્ષણ સંસ્થાઓનો બદલાતો દષ્ટિકોણ અને પશ્ચિમી પ્રવાહ છે તો બીજી તરફ નવી શિક્ષણનીતિ ભારતીય સંસ્કૃતિ અને વિદ્યાર્થી ઘડતર પર ભાર મૂકે ત્યારે પ્રાર્થના સભાને પ્રાધાન્ય આપવાનો સંકલ્પ કરીએ.

અસ્તુ....

# સ્ટાફરૂમની ચર્ચાઓ : શિક્ષકના વિચારમાંથી વિદ્યાર્થીના ભવિષ્ય સુધીની યાત્રા

- **જી. એસ. દેધરોટીયા,** પાટણ
પૂર્વ આચાર્ય, ઈલોલ હાઈસ્કૂલ, ઈલોલ.
જિ. સાબરકાંઠા. (મો.) 9427779606

શિક્ષણમંદિર એ માત્ર જ્ઞાનનું સ્થળ નથી, તે આપણા દેશના ભવિષ્યને ઘડવાનું શ્રેષ્ઠ માધ્યમ છે. અહીં શાબ્દિક શૃંખલાઓ નહીં પણ વિચારવાનો શ્રમ, અનુભૂતિ અને ભવિષ્ય ઘડવાની દિશા સમાયેલી છે. વર્ગખંડ એ વિદ્યાર્થીઓની સફરનું પ્રારંભબિંદુ હોય છે, જ્યારે સ્ટાફરૂમ એ શિક્ષકની આંતરિક યાત્રાનું કેન્દ્ર હોય છે. ત્યાં કરવામાં આવતી ચર્ચાઓ માત્ર ચા સાથેના અવલોકન સુધી સીમિત નથી, પરંતુ તે શિક્ષણની ઊંડાણભરી નદીઓનો પ્રવાહ છે, જેના તળમાં છે - ભવિષ્ય ઘડવાનો સંકલ્પ. દરેક શાળાના હૃદયરૂપ સ્ટાફરૂમમાં રોજનું જીવન ધબકતું હોય છે. અહીં માત્ર શિક્ષકો બેઠા હોય છે, એમ નથી; અહીં બેઠાં હોય છે આશાઓના આગેવાન, સંસ્કારના પથદર્શક અને નવનિર્માણના શિલ્પી. સ્ટાફરૂમ એ એવી જગ્યા છે જ્યાં એકપણ શબ્દ અધૂરો નથી અને એકપણ વિચાર નિષ્ફળ નથી. અહીં એક શિક્ષક પોતાની વ્યથા, આનંદ, નિરાશા કે ઉત્સાહ બીજા સાથે વહેંચે છે - અને એ વિચારવિમર્શ શિક્ષણવ્યવસ્થાની રીતદિશા નક્કી કરે છે. ક્યારેક અહીં કોઈ વિદ્યાર્થીના પ્રવૃત્તિઓ પર ચર્ચા થાય છે, ક્યારેક એક નવી રીત અજમાવવાની વાત ઊઠે છે તો ક્યારેક કોઈ બાળકના મનોબળ માટે એકઝૂટ થવાના નિર્ણય થાય છે. આજ એ ચર્ચાઓ શિક્ષણને જીવંત અને ગતિશીલ રાખે છે. શિક્ષક જ્યારે પોતાની પેન લઈને બાળક માટે વિચાર કરતો હોય છે ત્યારે તે માત્ર પેન નથી ચલાવતો, પણ ભવિષ્યની દીવાલ પર આશાની લકીર દોરે છે. સ્ટાફરૂમની ચર્ચાઓ એ અઘોષિત કાર્યયોજનાઓ હોય છે. અહીં કોઈ ફોર્મલ મિટિંગ નથી થતી, પરંતુ અસંખ્ય મહત્વના નિર્ણય લેવાય છે. આ ચર્ચાઓ દ્વારા નીચેના ક્ષેત્રોમાં વિદ્યાર્થીઓના ભવિષ્ય માટે નિર્ણય કયા? વિષયમાં કોને જરા વધુ ધ્યાન આપવાની જરૂર છે? કોણ અભ્યાસથી દૂર થઈ રહ્યો છે? કઈ રીત વડે રુચિ વધારી શકાય? - આવી અનેક વાતો અહીં થતી હોય છે. કોઈ બાળક અચાનક ગૂંગાટ ભરેલું લાગે છે, તો એના પર ધ્યાન દોરાય છે. કોણ શિષ્ટ નથી તે નથી, કોણ અસહાય છે

એ શોધાય છે.વિદાય સમારોહ, પરીક્ષા તૈયારી, પ્રવેશ યોજનાઓ કે સ્પર્ધાત્મક પરીક્ષાઓ જેવી બાબતોની ચર્ચા વિદ્યાર્થીઓની ભવિષ્યયાત્રાને દિશા આપે છે. અભ્યાસ સાધનો વગરના વિદ્યાર્થીઓ માટે સહયોગ અને રાહત કાર્યક્રમોનું આયોજન ઘણીવાર સ્ટાફરૂમમાંથી જ શરૂ થાય છે.

એક વિદ્યાર્થી માટે શું સારું છે? તેને આગળ વધારવા કઈ રીત ઉપયોગી રહે? - આવા સવાલો પર વિવિધ શિક્ષકોના મંતવ્યો વિદ્યાર્થીઓ માટે દિશા દર્શક બની જાય છે. એક શિક્ષક કહે કે "તે છોકરી ચમકશે, બસ એને નકારાત્મક વાતોથી દૂર રાખો", તો બીજો કહે કે "આ છોકરો તરકીબબાજી કરે છે, પણ એમાં પ્રતિભા છે, બસ સાચા માર્ગદર્શનની જરૂર છે" - આ વિચારો જ કર્મના માર્ગદર્શક બને છે. અન્ય વ્યવસાયો કરતા શિક્ષણ વ્યવસાયમાં માનવમુલ્યોનું મહત્ત્વ વધુ હોય છે. શિક્ષક પોતાની અનુભૂતિ, અનુભવો અને આત્મદષ્ટિ દ્વારા વિદ્યાર્થીની જીવનયાત્રાને મૂલ્યમય બનાવે છે. સ્ટાફરૂમમાં આ વાતો એ મૂલ્યમય વિચારચિંતન બની જાય છે. વિચારવિમર્શ એ માત્ર તર્કનુ સાધન નથી, પણ સંવેદનાનો પ્રકાશ પણ છે. જ્યારે એક શિક્ષક બીજા શિક્ષકને કહે છે કે "કાલે મોનિકા એ એકલી બેઠી હતી અને રડી રહી હતી", ત્યારે એ સમાચારમાં પ્રેમ છુપાયેલો હોય છે. એકબીજાને વિદ્યાર્થી વિષે સૂચનાઓ આપવી, નિરીક્ષણ વહેંચવું, એ બધું વિદ્યાર્થીઓના વિકાસમાં સહાયરૂપ બને છે. કેટલાક શિક્ષકો નવા અભિગમ શેયર કરે છે - પ્રોજેક્ટ આધારિત અભ્યાસ, રમતગમતથી પાથ્થયક્રમ, કાવ્યપાઠમાં રજૂઆત વગેરે. આ ચિંતન વિદ્યાર્થીઓના વિચારવિસ્તારને ઊંડો કરે છે. આવા ચિંતન સંવાદો શિક્ષકમાંથી ઉદ્ભવેલા વિચાર Students સુધી classroomમાં પ્રવેશી જાય છે. વિદ્યાર્થીઓ માત્ર વિષય શીખે છે એમ માનવું ભૂલભર્યું છે. તેઓ શિક્ષકોમાંથી જીવન જીવવાની રીત પણ શીખે છે. જ્યારે સ્ટાફરૂમમાં શિક્ષકો એ ચર્ચા કરે છે કે એક બાળક ઘરમાં દુઃખી છે, તેના માતા-પિતા સાથે વાત કરવાની જરૂર છે - ત્યારે એ ભવિષ્ય માટે માનવતા શીખાડતી પ્રવૃત્તિ બની જાય છે. વિદ્યા તો પાઠ્યપુસ્તક આપશે, પણ વિવેક? તે તો સ્ટાફરૂમની લાગણીઓમાંથી જ જન્મે છે. અને એ વિવેક જ આજે સમાજને સાચા અર્થમાં નાગરિક આપે છે.. શબ્દો પથ્થર નથી, પણ પથ્થરોને શિલ્પ બનાવવાની તાકાત ધરાવે છે. જ્યારે શિક્ષક કોઈ બાળકના પ્રશ્નો વિશે ચર્ચા કરે છે, ત્યારે એ વલણ તેનું ભવિષ્ય ઘડે છે. જો એ બાળક માટે નિર્ણય લેવાય છે કે "એને રમતગમતમાં મોકલો, ત્યાં તેનું મન છે", તો કદાચ એ બાળક એક ખ્યાતનામ ખેલાડી બની શકે છે. શિક્ષણ માત્ર અભ્યાસ નથી, એ એક કૃતિશીલ પ્રક્રિયા છે. દરેક શિક્ષકનું દ્રષ્ટિકોણ - કેવી

રીતે બાળકને પ્રોત્સાહન આપવું, કેવી રીતે અંદરના ડર દૂર કરવો - એ બધું સ્ટાફરૂમના અંતરના સ્તરે નક્કી થાય છે. એ વાતો જ્યારે વર્ગખંડમાં પહોંચે છે ત્યારે વિદ્યાર્થીઓનું જીવન બદલાય છે. શિક્ષકત્વ કોઈ એક વ્યક્તિનો કાર્યોક્ષેત્ર નથી. એ એક સામૂહિક પ્રયાસ છે. શાળાનું સંસ્કૃતિક ધોરણ, વિદ્યાર્થીઓની વ્યાખ્યા, શૈક્ષણિક ઉત્સવ, અવિરત પ્રવાહ - બધું વિદ્યાર્થીઓના ભવિષ્ય માટે સરવાણી બને છે. સ્ટાફરૂમ એ સરવાણીની ઉત્પત્તિ છે. દરેક શિક્ષક એ લાઇટહાઉસ છે, પણ જ્યારે તમામ લાઇટહાઉસની પ્રકાશમાળા જોડાય છે ત્યારે શાળાનું આકાશ પ્રકાશિત થાય છે. એવા એકત્વથી જ વિદ્યાર્થી માટે ભવિષ્ય સુરક્ષિત બને છે. દરેક શિક્ષક જ્યારે નમ્રતાથી પોતાનું દ્રષ્ટિકોણ રજૂ કરે છે અને બીજાનું માન આપે છે, ત્યારે જ શિક્ષણનું સાચું રૂપ સર્જાય છે. વિદ્યાર્થીનો ભવિષ્ય એની મહેનત પર આધાર રાખે છે, એ સાચું છે. પણ એ મહેનતને સાચી દિશા આપવાનું કાર્ય જે જગ્યાએથી થાય છે, તે છે - સ્ટાફરૂમ. અહીંના નિર્ણય, સંવેદના અને વિચારવિમર્શ વિદ્યાર્થીઓના જીવનનું પંથેરું ઘડે છે.

એક વાર્તામાં કહી શકાય તેમ છે :

"એક વાર એક વિદ્યાર્થીને કોઈ સમજાવતું ન હતું. બધા એમ કહતાં કે એ અભ્યાસ માટે લાયક નથી. પણ એક શિક્ષકે સ્ટાફરૂમમાં એક લઘુવાર્તા કહ્યું - 'પંખી ઊંચે ઉડી શકે છે, જો તેને ઉડવા માટે કોશિશ થાય' - અને ત્યારબાદ શિક્ષકો એ બાળક માટે નવો અભિગમ અપનાવ્યો. આજે એ વિદ્યાર્થી એક સફળ વૈજ્ઞાનિક છે."

**"શબ્દોની ચર્ચામાં થાય છે વિચાર,**
**વિચારોમાં છુપાયેલી હોય છે દિશા,**
**દિશાઓ ઘડે છે શિક્ષકની દ્રષ્ટિથી,**
**અને એ દ્રષ્ટિ ઘડે છે વિદ્યાર્થીઓનું ભવિષ્ય..."**

# માતૃ-સંમેલન

(વર્ષ 2006માં ઍમિટી હાઈસ્કૂલ, ભરૂચમાં યોજાયેલી રાજ્ય 'સમન્વય ગોષ્ઠિ'ના સ્મૃતિઅંશ)

**પ્રેષક : પ્રિ. નર્મદભાઈ ત્રિવેદી**
પૂર્વપ્રમુખ, ગુ.રા. આચાર્ય સંઘ
સંયોજક, 'સમન્વય' ગુજરાત
(મો.) 94263 62545

એક માતા સો શિક્ષકની ગરજ સારે છે. માતા પ્રત્યેક પાવન પ્રસંગે "ગુરુર્બ્રહ્મા, ગુરુર્વિષ્ણુ, ગુરુર્દેવો મહેશ્વરઃ, ગુરુર્સાક્ષાત્ પરમ્ બ્રહ્મ તસ્મૈશ્રી ગુરવે નમઃ" આ શ્લોક શુક્લજી અને માતા-પિતા બોલે છે. બાળક પાસે બોલાવે છે અને બાળક તેની કાલીઘેલી ભાષામાં રટણ કરે છે. બ્રહ્મકુળનાં, સાત વર્ષ થતાં, બાળકને યજ્ઞોપવિત, વિધિપૂર્વક, સંસ્કાર આપવામાં આવે છે. ત્યારે પણ જીવન જીવવાના શ્રેષ્ઠ સંકલ્પોનું રટણ થાય છે. પુણ્ય પર્વો, સંસ્કારોનો ખજાનો લાવે છે. પર્વો ડાહ્યા ડમરા બનાવે છે.

મા બાળકને જન્મ આપે છે. એને બાળક જન્મે એ પહેલાં ગર્ભમાં સંસ્કાર સિંચન પ્રાકૃતિક રીતે થાય છે. બાળઉછેર એ સામાન્ય પ્રક્રિયા નથી, જટિલ પ્રક્રિયા છે. બાળજન્મ પહેલાં માતાએ પાળવાના કે કે વર્તનમાં ઉતારવાના નિયમોનું પાલન કરે છે. અને એવી માતા આત્મવિશ્વાસ સાથે બાળકને જન્મ આપે છે. હવે તો જણતર માટે પણ માતાઓ માટે તાલીમ વર્ગો ચાલે છે. ગ્રામ્ય માતાઓ એ લાભથી વંચિત રહે છે. સરકાર દ્વારા કુપોષણ નિવારણ, સગર્ભા માતૃ સશક્તિકરણ વગેરેના તાલીમી કાર્યક્રમો યોજાય છે.

પરિવાર દ્વારા જણતર, શાળા દ્વારા ભણતર, સમાજ દ્વારા ઘડતર અને વ્યવસાયિક તથા પારિવારિક જવાબદારીઓ દ્વારા ગણતરથી બાળક ઘડાય છે. શાળા વિવિધ દિન ઉજવી અનુભવો પૂરા પાડે છે. શિક્ષક દિન, સૈનિક દિન, સ્વાતંત્ર્ય દિન, પ્રજાસત્તાક દિન, વિશિષ્ટ વ્યક્તિ જન્મ જયંતી, નિર્વાણ દિન, વિશ્વ અહિંસા દિન, વિશ્વ પર્યાવરણ દિન, સ્વયંશિક્ષક દિન, વિશ્વ મહિલા દિન, બાલવીર, રાષ્ટ્રીય સેવા યોજના, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય વૈવિધ્ય દિનની ઉજવણી દ્વારા

બાળકોમાં વ્યક્તિની મહત્તા, જવાબદારીનું ભાન, સામાજિક, રાજકીય, રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીય પ્રસંગોની ઓળખ અને સહભાગીદારીની તાલીમ અપાય છે.

શાળા બાળકને પેન, દફ્તર, પુસ્તક, ગણવેશ, વર્ગ-વિષય શિક્ષણ, પરીક્ષણ, પરિણામ, ઉચ્ચ વર્ગબઢતી અને વ્યવસાયી માર્ગદર્શન થકી વ્યવસાયી જોડાણ સુધી પહોંચાડે. પરંતુ બાળકમાં ક્ષમતા ન હોય તો વિકાસ થંભી જાય.

જે સમાજ યોગ્ય શિક્ષણ પાછળ વધારે ખર્ચ કરે છે તેને લશ્કર પાછળ ઓછું ખર્ચ કરવું પડે છે. ઘણી વાર શાળામાં જે ભણાવાય, ચણાય તે ઘરના સમય દરમિયાન જમીનદોસ્ત થાય.

અમદાવાદના માણેકનાથ બાવાની શેત્રંજી જેવો ઘાટ થાય. કહેવાય છે કે -

**"વસુધા અને વિદ્યા વિશે,**
**વિવિધ રસોનો વાસ.**
**આંબો ચૂસે મિસ્ટ રસ,**
**લે આંબલી ખટાશ."**

શાળા કે ભૂમિ એક જ હોય તો પણ ગ્રહણ કરનારની ક્ષમતા પર આધાર રાખે છે. એની એ જ ભૂમિમાં આંબો ગળ્યો રસ આપે છે, જ્યારે આંબલી ખટાશ દે છે.

માબાપે, બાળકને સંઘર્ષોમાંથી પસાર થવાની તકો આપવી પડે. રક્ષણની જરૂર ન હોય તો પણ ઢાલ બની રહેવાનો અર્થ નથી.

એક વાર્તામાં કહે છે કે એક પક્ષીનું ઈંડું હોય છે. પક્ષીને થયું કે લાવ ને બિચારું બચ્ચું ક્યારનુંયે બહાર આવવા કેટલાય પ્રયત્નો કરે છે, તેને ખૂબ તકલીફ પડશે. તો હું ચાંચથી ઈંડાનું કોચલું તોડી નાખું. એનું કામ જલદી પૂર્ણ થાય અને બહાર આવી જાય. પક્ષીએ ચાંચથી ઈંડામાંથી બચ્ચાને બહાર આવવા ઈંડું તોડી નાખ્યું. બચ્ચું બહાર તો આવ્યું પણ પછીપાંખો ફફડાવવા છતાં જલદી ઊડી ન શક્યું. ત્યારે પક્ષીની માને પસ્તાવો થયો. હવે સમજાયું કે ઈંડામાંથી બચ્ચાને સંઘર્ષ કરવા દીધો હોત તો મારું બચ્ચું દુનિયાના કોઈપણ ખૂણે ઊડી શકત. આપણું કામ પણ આવું

છે. થોડી સફળતા મળતાં, અધીરા બની, સંઘર્ષમાંથી પસાર થવા દેતા નથી. કોચલું ફોડી તેના અરમાનને તોડી નાખીએ છીએ. જ્યારે તે ઊડી શકતું નથી ત્યારે શાળામાં ફરિયાદ કરવા દોડી જઈએ છીએ.

રાજેશ રેડ્ડીએ કહ્યું છે કે -

**મેરે દિલકે કિસી કોને મેં ઈક માસુમ સા બચ્ચા,**
**બડોં કી દેખકર દુનિયા બડા હોને સે ડરતા હૈ.**

માતાઓને જો કેળવવામાં આવે તો બાળ-સમસ્યા ઘટી જાય, વાલી સંમેલનમાં પ્રવચનનો દોર ન બની રહેતાં બાળકોની આવડત, સંસ્કાર પ્રેરક લક્ષણો, પ્રવૃત્તિઓ અને કૌશલ્યોનું નિદર્શન વાલીઓ સમક્ષ કરાવવું જોઈએ. પોતાના બાળકપાલ્યમાં વિશ્વાસ નિર્માણ કરવા માતાઓને બાળકના કૌશલ્યોનાં દર્શન શાળા કરાવી શકે. વળી વિદ્યાકીય પરિણામો ઉપરાંત શાળાની વિવિધ પ્રવૃત્તિઓમાં બાળકે મેળવેલ સિદ્ધિઓની કદરરૂપે પારિતોષિક વાલીઓ, પિતા-માતા ખાસ તો માતાઓની ઉપસ્થિતિમાં અપાય તો બન્ને પક્ષે ઉમળકો વધે.

આનંદ, પ્રેમ, પરસ્પર સદ્ભાવ અને સકારાત્મકતા કેળવવાના પ્રયાસો પ્રવૃત્તિસભર શિક્ષણ દ્વારા જ થઈ શકે.

માત્ર માતાઓના સંમેલનથી બાળકો સાથે વધુ સમય ઘરમાં ગાળતી માતાઓને બાળ-કેળવણીની તાલીમ મળે.

ઍમિટી સ્કૂલમાં માતાઓની બનેલી વિવિધ સમિતિઓ શાળાના બાળકોને, તેમના કૌશલ્યથી ઘડતર પૂરું પાડે છે. સહપ્રવાસ, સહસાંસ્કૃતિક કાર્યક્રમો, દર્શન, પરિસંવાદ દ્વારા માતાઓ પોતાના બાળકો જ માત્ર નહીં, અન્ય બાળકો માટે પ્રેરણા બને છે. શિક્ષિકાઓ પણ કેટલીક માતાઓના સંસ્કારી વર્તનની નોંધ લઈ બાળકોમાં સુટેવોના ઘડતરનું કામ કરે છે.

**"માતૃદેવો ભવઃ, પિતૃદેવો ભવઃ"**

# “નહિ જ્ઞાનેન સદૃશં પવિત્રમિહ વિદ્યતે ।”

**- વિજય દાણી**

114, પાંડુરંગ સોસાયટી, માલપુર રોડ, મોડાસા.

સમાજથી સમાજ બને છે. સભ્ય અને સુસંસ્કૃત સમાજની રચના કરવા ઉચ્ચ પ્રકારની સમજ જોઈએ. ઉચ્ચ પ્રકારની સમજ અને જ્ઞાન થકી જ્ઞાન પ્રાપ્ત કરવાની પ્રાથમિકતા હોવી જોઈએ. સૌ જ્ઞાન પ્રાપ્ત કરે તેવી વ્યવસ્થા શાળા કક્ષાએથી જ ગોઠવવી જોઈએ, જેથી ગોખણપટ્ટીથી મુક્ત થઈ શકાય.

જ્ઞાન એ હકીકતોની જાગૃતિ, વ્યક્તિઓ અને પરિસ્થિતિઓ સાથે પરિચિતતા અથવા વ્યવહારુ કૌશલ્ય છે. તથ્યોનું જ્ઞાન જેને પ્રપોઝિશનલ નૉલેજ પણ કહેવાય છે, તે ઘણી વાર સાચી માન્યતા તરીકે દર્શાવવામાં આવે છે, જે વાજબીપણાને આધારે અભિપ્રાય અથવા અનુમાનથી અલગ હોય છે.

શ્રીમદ્ ભગવદ્ગીતા આપણો ધાર્મિક ગ્રંથ છે, જેમાં શ્રીકૃષ્ણ અને અર્જુનનો સંવાદ છે. શ્રીકૃષ્ણને આપણે જગદ્ગુરુ માનીએ છીએ. જીવનના દરેક તબક્કે માર્ગદર્શન અને પ્રેરણા મળે છે. શ્રીકૃષ્ણને શ્રેષ્ઠ શિક્ષક પણ કહીએ છીએ. આ ગ્રંથમાં જ્ઞાન વિશે શ્લોકો છો. જેમ કે અધ્યાય-4નો શ્લોક-38 :

**નહિ જ્ઞાનેન સદૃશં પવિત્રમિહ વિદ્યતે ।**
**તત્સ્વયં યોગસંસિદ્ધઃ કાલનાત્મનિ વિંદતિ ॥**

આ જગતમાં જ્ઞાન જેટલું પવિત્ર કંઈ નથી. જે યોગમાં સિદ્ધિ પ્રાપ્ત કરે છે તે પોતાની અંદર જ્ઞાન મેળવતો જાય છે. આ પ્રમાણે અધ્યાય-4 શ્લોક-34 :

**તદ્વિદ્ધિ પ્રણિપાતેન પરિપ્રશ્નેન સેવયા ।**
**ઉપદક્ષ્યન્તિ તે જ્ઞાનં જ્ઞાનિનસ્તત્ત્વદર્શનઃ ॥**

જ્ઞાન પ્રાપ્ત કરવા માટે વિદ્વાનોનું આદરપૂર્વક પ્રશ્ન દ્વારા માર્ગદર્શન લેવું જોઈએ. જ્ઞાનથી જ જીવનમાં સાચો પ્રકાશ મળે છે.

ઉપરોક્ત બંને શ્લોકમાં જણાવ્યા પ્રમાણે વિદ્યાર્થીને જ્ઞાનનું મહત્ત્વ સમજાવવું જોઈએ. તેટલું જ નહીં પરંતુ તેમનામાં તરસ જન્માવવી પડશે. માત્ર રસ નહીં પરંતુ તરસ જગાવશું તો વિદ્યાર્થીને રસ પડશે. જ્ઞાન જેટલું પવિત્ર કંઈ નથી તે સમજાવવા અનેક ઉદાહરણો લઈને સમજાવી શકાય. જ્ઞાન પ્રાપ્ત કરવા વિદ્વાનોનો આદર કરવો અને જેમ અર્જુને શ્રીકૃષ્ણને પ્રશ્નો પૂછીને માર્ગદર્શન મેળવ્યું હતું તેમ વિદ્યાર્થીએ શિક્ષકને પૂછીને માર્ગદર્શન મેળવી પોતાની તરસ છે તે સંતોષવી જોઈએ. જ્ઞાનથી જ જીવનમાં સાચો પ્રકાશ પ્રાપ્ત થાય છે.

હવે શ્રીમદ્ ભગવદ્ગીતામાં જ જ્ઞાન મેળવવાની પૂર્વશરત પણ લખી છે.

અધ્યાય-4, શ્લોક-39 મુજબ

**શ્રદ્ધાવાઁલ્લભતે જ્ઞાનં તત્પરઃ સંયતેન્દ્રિયઃ ।**
**જ્ઞાનં લબ્ધ્વા પરાં શાન્તિમચિરેણાધિગચ્છતિ ॥**

વિદ્યાર્થીમાં શ્રદ્ધા જન્માવવી પડશે. જેની શ્રદ્ધા પ્રગટ હશે તે પોતાના મન અને ઇન્દ્રિયોને સંયમિત કરી શકશે અને તેઓ જ દિવ્ય જ્ઞાન પ્રાપ્ત કરશે. આ દિવ્ય જ્ઞાન દ્વારા તેઓ શીઘ્રતાથી શાશ્વત પરમ શાંતિ પામે છે.

જેવી રીતે બીજ જમીનમાં વાવતાં પહેલાં એના ઉપર પ્રોસેસ કરવામાં આવે છે અને ત્યારબાદ વાવેલાં બીજનું અંકુરણ ખૂબ જ સરસ થતું હોય છે, તેમ વિદ્યાર્થીને જ્ઞાન પ્રાપ્ત કરવા તરફ લઈ જતાં પહેલાં શ્રીમદ્ ભગવદ્ગીતાાં જણાવ્યા પ્રમાણે તેને ટ્રીટમેન્ટ આપવી ખૂબ જ આવશ્યક છે. આજના બહારના વાતાવરણમાં અનેક પ્રદૂષણો છે જેની વિદ્યાર્થીના માનસ પર કોઈક ને કોઈક અસર થયેલ હોય છે. આ અસરો દૂર કરીને જ આગળ વધવાથી પરિણામ સારા પ્રાપ્ત કરી શકાય.

આપણે સૌએ જ્ઞાનના પ્રકારો કે જે વિદ્યાર્થીજીવન અને અભ્યાસના સંદર્ભમાં મહત્ત્વપૂર્ણ છે, નીચે જ્ઞાનના મુખ્ય પ્રકારોનું ટૂંકમાં વર્ણન કરેલ છે :

**(1) સૈદ્ધાંતિક જ્ઞાન (Theoretical Knowledge)**

આ જ્ઞાન પુસ્તકો, અભ્યાસ અને શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા મેળવવામાં આવે છે.

ઉદાહરણ : ગણિત, વિજ્ઞાન, ઇતિહાસ, સાહિત્ય વગેરેનું જ્ઞાન.

મહત્ત્વ : આ વિદ્યાર્થીની બૌદ્ધિક ક્ષમતા અને વૈશ્લેષણાત્મક શક્તિને વિકસાવે છે.

**(2) વ્યવહારિક જ્ઞાન (Practical Knowledge)**

આ જ્ઞાન અનુભવ, પ્રયોગો અને વાસ્તવિક જીવનની પરિસ્થિતિઓ દ્વારા મેળવાય છે.

ઉદાહરણ : પ્રયોગશાળામાં પ્રયોગો, રસોઈ, ડ્રાઇવિંગ, કારીગરી વગેરે.

મહત્ત્વ : આ જ્ઞાન વિદ્યાર્થીને વાસ્તવિક જીવનની કુશળતા શીખવે છે.

**(3) અનુભવલક્ષી જ્ઞાન (Experiential Knowledge)**

આ જ્ઞાન વ્યક્તિગત અનુભવો, નિષ્ફળતાઓ અને સફળતાઓ દ્વારા મેળવાય છે.

ઉદાહરણ : ટીમવર્ક, સમસ્યા ઉકેલવી, સામાજિક વ્યવહારો વગેરે.

મહત્ત્વ : આ જ્ઞાન વિદ્યાર્થીને જીવનના પડકારોનો સામનો કરવા માટે તૈયાર કરે છે.

**(4) નૈતિક જ્ઞાન (Ethical/Moral Knowledge)**

આ જ્ઞાન નીતિ, મૂલ્યો, સંસ્કૃતિ અને સામાજિક જવાબદારીઓ સાથે સંબંધિત હોય છે.

ઉદાહરણ : સચ્ચાઈ, ન્યાય, સમાજસેવા, આદર વગેરે.

મહત્ત્વ : આ જ્ઞાન વિદ્યાર્થીને સારા નાગરિક બનાવે છે.

**(5) સામાજિક જ્ઞાન (Social Knowledge)**

આ જ્ઞાન સમાજ, સંસ્કૃતિ, રાજકીય વ્યવસ્થા અને સામાજિક મુદ્દાઓ સાથે સંબંધિત છે.

ઉદાહરણ : સામાજિક નિયમો, પર્યાવરણ જાગૃતિ, નાગરિક હકો.

મહત્ત્વ : આ જ્ઞાન વિદ્યાર્થીને સમાજમાં સક્રિય ભૂમિકા ભજવવા પ્રેરે છે.

**(6) આધ્યાત્મિક જ્ઞાન (Spiritual Knowledge)**

આ જ્ઞાન આત્મા, ધર્મ, ધ્યાન અને જીવનના ઉમદા અર્થ સાથે સંબધિત છે.

ઉદાહરણ : ધાર્મિક ગ્રંથો, ધ્યાન, યોગ.

મહત્ત્વ : આ જ્ઞાન વિદ્યાર્થીને માનસિક શાંતિ અને જીવનનો હેતુ સમજાવવામાં મદદ કરે છે.

વિદ્યાર્થીજીવનમાં આ બધા પ્રકારના જ્ઞાનનું સંતુલન જરૂરી છે. સૈદ્ધાંતિક અને વ્યવહારિક જ્ઞાન કારકિર્દી માટે, અનુભવલક્ષી અને નૈતિક જ્ઞાન વ્યક્તિત્વના વિકાસ માટે, સામાજિક અને આધ્યાત્મિક જ્ઞાન, સમાજ અને આંતરિક શાંતિ માટે મહત્ત્વપૂર્ણ છે. આ બધા જ્ઞાનનું સંયોજન વિદ્યાર્થીને સર્વાંગી વિકાસ તરફ દોરી જાય છે.

તો આ બધા જ પ્રકારના જ્ઞાન સંપાદન માટે શિક્ષણ પ્રવૃત્તિઓ વિશે જાણીએ તો નીચે આપેલ છે. જ્ઞાનના સંદર્ભે શિક્ષણપદ્ધતિઓ એવી રીતે આપેલ હોવી જોઈએ કે જે વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ કરે.

**(1) સૈદ્ધાંતિક જ્ઞાન માટે (Theoretical Knowledge) :**

**પદ્ધતિ :**

- **પરંપરાગત શિક્ષણ :** વ્યાખ્યાનો, પાઠ્યપુસ્તકો, નોંધો અને પરીક્ષાઓ દ્વારા જ્ઞાનનું વિતરણ.
- **ટેકનોલોજી આધારિત શિક્ષણ :** ઓનલાઈન લેક્ચર્સ, ઈ-બુક્સ, વીડિયો ટ્યુટોરિયલ્સ, સ્માર્ટ ક્લાસ, સ્માર્ટ બોર્ડ વગેરે તેમજ વિવિધ એપ દ્વારા, AIનો ઉપયોગ, ડિજિટલ શિક્ષણ
- **ઉદાહરણ :** ગણિતના સૂત્રો, વિજ્ઞાનના સિદ્ધાંતો, ઇતિહાસની ઘટનાઓ શીખવવા માટે પાવરપોઇન્ટ પ્રેઝન્ટેશન અથવા ડિજિટલ નોંધો. વિજ્ઞાનમાં હૃદય કે અન્ય તંત્રની કામગીરી, બાયસેગ દ્વારા.
- **મહત્ત્વ :** આ પદ્ધતિઓ વિદ્યાર્થીઓને મૂળભૂત અને બૌદ્ધિક જ્ઞાન પ્રદાન કરે છે, જે ઉચ્ચ અભ્યાસ અને કારકિર્દી માટે જરૂરી છે.

**(2) વ્યવહારિક જ્ઞાન માટે (Practical Knowledge) :**

**પદ્ધતિ :**

- **પ્રયોગાત્મક શિક્ષણ :** પ્રયોગશાળાઓ, વર્કશોપ, હેન્ડ્સ-ઓન ટ્રેનિંગ
- **પ્રોજેક્ટ આધારિત શિક્ષણ :** વિદ્યાર્થીઓને વાસ્તવિક સમસ્યાઓ પર આધારિત પ્રોજેક્ટ આપવા.
- **ઉદાહરણ :** વિજ્ઞાન પ્રયોગો, કમ્પ્યૂટર પ્રોગ્રામિંગ, રોબોટિક્સ પ્રોજેક્ટ્સ.
- **મહત્ત્વ :** આ પદ્ધતિઓ વિદ્યાર્થીઓને વાસ્તવિક જીવનમાં જ્ઞાનનો ઉપયોગ કરવાની ક્ષમતા વિકસે છે.

**(3) અનુભવલક્ષી જ્ઞાન માટે (Experiential Knowledge) :**

**પદ્ધતિ :**

- **ફિલ્ડ ટ્રીપ અને ઈન્ટર્નશીપ :** વિદ્યાર્થીઓને વાસ્તવિક વાતાવરણમાં શીખવાની તક.
- **કેસ સ્ટડી અને સિમ્યુલેશન :** વાસ્તવિક પરિસ્થિતિઓનું વિશ્લેષણ અને નિર્ણય લેવાની પ્રેક્ટિસ.
- **ઉદાહરણ :** ઉદ્યોગોની મુલાકાત, નાટકો દ્વારા ઐતિહાસિક ઘટનાઓનું પુનઃનિર્માણ.
- **મહત્ત્વ :** આ પદ્ધતિ વિદ્યાર્થીઓને વ્યવહારિક સમસ્યાઓ ઉકેલવા અને નિર્ણય શક્તિ વિકસાવવામાં મદદ કરે છે.

**(4) નૈતિક જ્ઞાન માટે (Ethical/Moral Knowledge) :**

**પદ્ધતિ :**

- **મૂલ્ય આધારિત શિક્ષણ :** નૈતિક વાર્તાઓ, ચર્ચાઓ અને નીતિશાસ્ત્રના પાઠ.
- **સેવા આધારિત શિક્ષણ :** સમાજસેવા અને સ્વયંસેવક પ્રવૃત્તિઓ.
- **ઉદાહરણ :** સમાજસેવા, પ્રોજેક્ટ, NCC/NSS, સ્કાઉટ એન્ડ ગાઈડ, નૈતિક દ્વિધાઓ પર ચર્ચા, યોગ અને ધ્યાન.
- **મહત્ત્વ :** આ પદ્ધતિઓ વિદ્યાર્થીઓને નૈતિક મૂલ્યો અને સામજાકિ જવાબદારીઓ શીખવે છે.

**(5) સામાજિક જ્ઞાન માટે (Social Knowledge) :**

**પદ્ધતિ :**

- **સહયોગી શિક્ષણ :** ગ્રુપ ડિસ્કશન, ટીમ પ્રોજેક્ટ, પીઅર લર્નિંગ.
- **સામાજિક મુદ્દાઓ પર આધારિત શિક્ષણ :** પર્યાવરણ, લોકશાહી અને માનવાધિકારો પર ચર્ચા.
- **ઉદાહરણ :** પર્યાવરણ સંરક્ષણ પર પ્રોજેક્ટ, સામાજિક મુદ્દાઓ પર ચર્ચા, નિબંધ, સામાજિક તહેવાર ઉજવણી.
- **મહત્ત્વ :** આ પદ્ધતિઓ વિદ્યાર્થીઓને સામાજિક જાગૃતિ અને સહયોગની ભાવના વિકસાવે છે.

(6) **આધ્યાત્મિક જ્ઞાન માટે (Spiritual Knowledge) :**

**પદ્ધતિ :**

- **ધ્યાન અને યોગ :** આંતરિક શાંતિ અને સ્વ-જાગૃતિ માટે પ્રેક્ટિસ.
- **ધાર્મિક અને ફિલસૂફી આધારિત શિક્ષણ :** ધાર્મિક ગ્રંથો અને જીવનના હેતુ પર ચર્ચા.
- **ઉદાહરણ :** ધ્યાન સત્રો, ભગવદ્‌ગીતા કે અન્ય ગ્રંથોનો અભ્યાસ.
- **મહત્ત્વ :** આ પદ્ધતિઓ વિદ્યાર્થીઓને માનસિક શાંતિ, સ્વ-નિયંત્રણ અને જીવનના ઊંડા અર્થની સમજ આપે છે.

જ્ઞાનના વિવિધ પ્રકારોને અનુરૂપ શિક્ષણ પદ્ધતિઓનું સંયોજન વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે જરૂરી છે. આ સંતુલિત અભિગમ વિદ્યાર્થીને જ્ઞાનના તમામ પાસાંઓનો લાભ આપી, તેમને જીવનના વિવિધ ક્ષેત્રોમાં સફળ બનાવવા આ તમામ વસ્તુઓ જાણી તેને વિવિધ તબક્કે એટલે કે અભ્યાસક્રમના મુદ્દાઓમાં યોગ્ય રીતે સમાવવી પડશે.

## કૃતાર્થ કલ્યાણનિધિમાં જોડાવા કાવ્યાત્મક કાકલૂદી

મિત્રો,ખબર નથી આપણને જ, આપણા જીવતરની સમયાવધિ,
સંઘ સત્કાર્યમાં સહકાર આપવો જ છે સભ્યપદની સાચી સમૃદ્ધિ,
ચાલોને આપણે પણ કરીએ આપણા જ સૌના કલ્યાણની વિધિ,
કૈંક તો કલ્યાણ કરશે સભ્યપદ પ્રાપ્તિ માત્રથી જ આ કલ્યાણનિધિ !
નાણાં તમારા છે ને તમારા જ રહેશે સાચવશે સંઘ માત્ર નિવૃત્તિ સુધી,
ઈચ્છતા તો જરાય નથી એકેયના નિધનથી ઉપલબ્ધ થાય આ નિધિ,
આકસ્મિક ગમને વળતર નક્કી પહોંચાડશે કમનસીબના ઘર સુધી,
૧૦૦% સભ્યપદ સહાય દ્વારા સંઘ સેવાકાર્યોમાં થશે નિરંતર વૃદ્ધિ ,
આફતમાં આશ્રય અર્પતા રહીએ એ જ સંઘની છે સાચી ઉપલબ્ધિ,
સહકારભાવથી સેવા સૃજન કરે એ જ સભ્યપદની છે અનન્ય સિદ્ધિ !
'તમારું તમને ને શોભા સંઘને' એવી કલ્યાણી યોજના છે કલ્યાણનિધિ !
કૃતાર્થ કલ્યાણનિધિમાં જોડાવા સૌને જ સદ્‌બુદ્ધિ અર્પે કરુણાનિધિ.

**- વિજયકુમાર રોહિતકુમાર બારોટ**
અધ્યક્ષ, સુરત શહેર આચાર્ય મંડળ, સુરત

# વિદ્યાર્થીઓમાં ઝઘડા કે મારામારી થવાનાં મનોવૈજ્ઞાનિક કારણો

**રાજેન્દ્રસિંહ વંકેરાજસિંહજી ઝાલા,** કંથારીયા
(શિક્ષણવિદ્)
ડિરેક્ટર - ધ મધર્સ ઇન્ટરનેશનલ સ્કૂલ, ઉપલેટા .
મોબાઈલ : ૮૩ ૪૭૪૭ ૧૫૨૫

વિદ્યાર્થીઓમાં આજકાલ ઝઘડા કે મારામારી થવાના મનોવૈજ્ઞાનિક કારણો ઘણી વખત નીચે મુજબ હોઈ શકે છે :

**(1) બાળકને રેસનો ઘોડો સમજવા માં આવે છે :**

બાળક 18 કલાક ઘર સાથે હોય છે, માતાપિતાને માત્ર બાળકના માર્ક્સમાં રસ હોય છે. માતાપિતા તેને રેસનો ઘોડો સમજે છે પણ ક્યારેય તેનામાં અભ્યાસ સિવાયની અન્ય છુપાયેલી શક્તિઓ ઉપર ધ્યાન આપતા નથી.

**(2) માતાપિતા અને બાળકમાં ધીરજનો અભાવ :**

માતાપિતા જ ધીરજ વગરના થઈ ગયા છે માટે તેમને જોઈને બાળકો પણ ધીરજ વગરના થાય છે અને પ્રતિકૂળ સંજોગ આવતાં ગુસ્સાનું સ્વરૂપ ધારણ કરે છે. સહનશક્તિનો સદંતર અભાવ.

**(3) શિક્ષકોના અધિકાર છીનવાઈ ગયા છે :**

બાળક અવળા રસ્તે જાય છે ત્યારે શિક્ષક તેને ટોકે છે કે ખીજાય છે, પણ આજકાલના માતાપિતાને તે પણ પસંદ નથી. માટે બાળકને છુટ્ટો દોર મળી જતાં અંતે આવી ઘટનાઓ સામે આવતી હોય છે.

**(4) તણાવ અને દબાણ :**

વિદ્યાર્થીઓ પર શાળાના અભ્યાસનું દબાણ, પરીક્ષાનો તણાવ અને ઘરના સંઘર્ષોનો પ્રભાવ થતો હોય છે. આ તણાવથી તેઓ આક્રમક બની શકે છે.

**(5) મનોબળ અને આત્મ-સમ્માનની રક્ષા :**

ક્યારેક અન્ય વિદ્યાર્થી દ્વારા તિરસ્કાર થવું કે અપમાનને ઝઘડામાં કારણ બનવું પડે છે; પોતાનું આત્મ-સમ્માન બચાવવા માટે ઝઘડો થાય છે.

**(6) પેઅર પ્રેશર (સહયોગીઓનો દબાણ) :**

કોઈવાર વિદ્યાર્થીના સમૂહમાં સામેલ હોવા માટે અથવા પોતાનું સ્થાન બરાબર કરાવવા માટે હિંસક વર્તન અપનાવે છે. માટે સંગ એવો રંગ.

**(7) હારનો અસ્વીકાર :**

ઈર્ષા અને હાર સહન નહીં કરી શકવાની ક્ષમતા વિદ્યાર્થીઓને નકારાત્મક દિશામાં આક્રમક બનાવે છે.

**(8) સામાજિક અને પરિવારિક પરિસ્થિતિ :**

કેટલાક વિદ્યાર્થીઓનાં ઘરે તારણાત્મક વાતાવરણ હોય કે જ્યાં ચાલતી-ફૂળતી સમસ્યાઓ અથવા આક્રમકતા હોય, તે પરિવર્તન સ્કૂલમાં પણ આવી શકે છે.

**(9) માહિતી અને સલાહની અછત :**

યોગ્ય માર્ગદર્શન અને સકારાત્મક વાતાવરણ વગર વિદ્યાર્થીઓને પોતાની લાગણીઓને સમજવામાં અને નિયંત્રિત કરવામાં મુશ્કેલી થાય છે.

**(10) અન્ય પ્રભાવ :**

મીડિયા, સોશ્યલ મીડિયા, નેટફ્લિક્સ, ક્રાઈમ પેટ્રોલ અને મિત્રોનો પ્રભાવ પણ આક્રમક વર્તનને વધારી શકે છે.

**(11) સંસ્કાર અને આધ્યાત્મિકતાનો અભાવ :**

માત્ર ખૂબ પૈસા ઘરમાં હોવાથી જીવન સરળ અને ખુશીમાં રહેતું નથી. તેના માટે ઘરના વડીલ સભ્યોએ ઘરનું વાતાવરણ તે મુજબનું બનાવવું જરૂરી છે. વડીલો જેવું ઘરનું વાતાવરણ બનાવશે બાળક એવું બનશે. આજકાલ સમસ્યા એ છે કે પુરુષ પૈસા કમાવવાની દોટમાં ઘરનો તમામ કંટ્રોલ અને સિસ્ટમ ખોઈ બેઠો છે. આ કારણે, માતાપિતાએ વિદ્યાર્થીઓ સાથે વાતચીત વધારવી, તેમને શાંતિપૂર્વક સમસ્યાઓ હલ કરવાનું શીખવવું, અને માનસિક સપોર્ટ પ્રદાન કરવો ખૂબ મહત્ત્વપૂર્ણ છે. જરૂર જણાય તો સ્કૂલ શિક્ષક કે કોઈ કાઉન્સેલરની મદદ જરૂર લેવી. જો આ બાબતે સજગતા અને જાગૃતિ નહીં લાવીએ તો આવા કિસ્સાઓ ખૂબ પ્રમાણમાં વધવાની શક્યતાઓ છે.

અંતમાં ... તમારી પાસે ગમે તેટલા રૂપિયા હોય, બાળકને જો તમે માત્ર સુખમાં જ ઉછેરશો, માત્ર તેની ડિમાન્ડ પૂરી કરવામાં પોતાના પૈસાનો નશો કરશો તો આવી જંગલીવેડાવાળી પેઢીનું આપણે જ નિર્માણ કરી રહ્યા છીએ. બાળક ભૂલ કરે છે તો તેના ગાલ પર ખેંચીને બે થપ્પડ લગાવવી ક્યારેક તેના ભવિષ્ય માટે સુખરૂપ સાબિત થશે.

: ગુજરાતમાં સૌથી વધુ શાળાઓમાં ઉપયોગમાં લેવાતો એકમાત્ર સોફ્ટવેર :

# School Automation System

- શાળા તથા સંચાલક મંડળની માહિતી
- વિદ્યાર્થીને લગતા તમામ પત્રકો
- **વિદ્યાર્થીની ફી ના તમામ રિપોર્ટ**
- ફોટો કેપ્ચરિંગ/ આઈ કાર્ડ
- પરીક્ષાની માર્કશીટ તથા પરિણામ પત્રકો
- **નવીન સેમેસ્ટર સિસ્ટમ પદ્ધતિ**
- કર્મચારીઓની પગારની તમામ વિગત

**અમારા અન્ય સોફ્ટવેર**

- **OMR Solution (OMR Sheet Scanner)**
- સ્કૂલ એકાઉન્ટીંગ સિસ્ટમ
- ઇન્કમટેક્સ કેલ્ક્યુલેશન સિસ્ટમ
- લાઇબ્રેરી મેનેજમેન્ટ સિસ્ટમ
- ટાઈમ ટેબલ મેનેજમેન્ટ સિસ્ટમ
- સ્કૂલ એડમિનિસ્ટ્રેટીવ ફોર્મ્સ(હાઉસઓફ ફોર્મ્સ માત્ર ૯૯૯/-)
- **Online Examination (MCQ) System**

**SMS Facility :** આ સુવિધાની મદદથી વિદ્યાર્થીના વાલીને સોફ્ટવેર દ્વારા ફી,હાજરી,જન્મદિવસ,તેમજ પરિણામ, ટેસ્ટને લગતા ઓટો જનરેટેડ તેમજ **Customized SMS** થઇ શકશે.

**OMR Solutions :**



- એક જ મીનીટ માં ૪૦ થી ૫૦ ઉત્તરવહીનું પરિણામ તૈયાર થઇ શકે છે. (Self assessment)
- શાળા પોતાની જરૂરિયાત મુજબ OMR Sheets જાતે તૈયાર કરી શકે છે અને જાતે પ્રિન્ટ કરી શકે છે.
- જો ઓછા પ્રશ્નોની પરીક્ષા લેવાની હોય તો OMR Sheet Half Pageની પ્રિન્ટ કરી શકાય છે.
- તૈયાર થયેલા પરિણામને Excel માં લઇ શકાય છે.(Export Facility)
- દરેક વિદ્યાર્થીના ઉત્તરપત્ર આપોઆપ તપાસાઈ જશે તેથી મૂલ્યાંકન કાર્યવાહી ઝડપી બનશે.

❖ ફિંગર પ્રિન્ટ એન્ડ ટાઈમ એટેન્ડન્સ સિસ્ટમ



* તમામ સરકારી/બિનસરકારી ઓફિસો કે શાળાઓ,બેંક છાત્રાલય વગેરે મારે આ સિસ્ટમની મદદથી કર્મચારીઓના ઓફિસમાં આવવા/જવાનો સમય આંગળી/અંગુઠાની મદદથી નોંધી શકાશે.ઓફીસ/શાળાનો સમય દિવસ તેમજ શીફ્ટ મુજબ સેટ કરી શકાશે.આ સિસ્ટમની મદદથી કર્મચારીઓની નિયમિતતાનો ખ્યાલ આવશે. છાત્રાલય:આ સિસ્ટમથી છાત્રાલયમાં બહારની કોઈપણ વ્યક્તિને પ્રવેશતી અટકાવી શકાશે.આ સિસ્ટમની મદદથી મસ્ટર, ડેઈલી ઇન-આઉટ, લેટ ઇન વગેરે જેવા ૪૫ રિપોર્ટ્સ પ્રિન્ટ કરી શકાશે.

❖ **Website Designing**

૨૭૦૦ થી પણ વધુ વેબસાઈટ અમારી દ્વારા તૈયાર કરાયેલ છે.

Unlimited Web Space
Right to Information Act ના પત્રકો, Annual Calender
All Details & History about schools with Photographs
All Details of Each Employee with Photographs
All Details of Each Trustee with Photographs
Toper List in board exam of 10th & 12th
Message from Principal ( Appeal )
Message from President or Managing Trustee ( Appeal )
Photographs of Activities & Function arranged in school.
Student Result , Presence, Fee Details
School Login For Upload Photos and Other Detail.




**કોઈ પણ સોફ્ટવેર ખરીદતા પહેલા અમારા સોફ્ટવેરનો ડેમો અવશ્ય નિહારો**

**Aum Imagineering Pvt. Ltd.**
602/603-A, Shapath-1, Opp.Rajpath Club
S.G.Highway, Ahmedabad – 380015, Gujarat(Ind)
(M) : 9825847773/7600001219
(Ph): 079 – 26870704,
079 – 40054004




नमो के नाम
रक्तदान
OPERATION
56256
BLOOD
DONATE




नमो के नाम
रक्तदान




માનનીય પ્રધાનમંત્રી
શ્રી નરેન્દ્ર મોદી
ના જન્મદિન ની ઉજવણી
नमो के नाम
रक्तदान
OPERATION
SIND OR
ની સફળતા અને
56256
BLOOD
DONATE






રવાના :

**શ્રી અમિત આર. પંડ્યા**
શ્રી માતૃછાયા હાયર સેકન્ડરી સ્કૂલ,
સુખરામ નગર, ગોમતીપુર,
અમદાવાદ-૩૮૦૦૨૧
મો. ૯૯૭૪૫૨૫૨૩૨

બુક-પોસ્ટ

પ્રતિ, શ્રી, ______________________

______________________

______________________

માલિક : ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ
તંત્રી, મુદ્રક, પ્રકાશક : જયપ્રકાશ પી. પટેલ
મુદ્રણ : રિલાએબલ આર્ટ પ્રિન્ટરી (અમદાવાદ) પ્રા. લિ., ૩૦૧, પુનિત પ્લાઝા, આશ્રમ રોડ, નવગુજરાત કોલેજ પાછળ, અમદાવાદ-૩૮૦૦૧૪
પ્રકાશન સ્થળ : ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ, સારસ્વત ભવન, હરેકૃષ્ણ કોમ્પલેક્ષ, પ્રિતમનગર, આશ્રમરોડ, અમદાવાદ.